
# જુનવાણી ગરબા



**: સંકલન :**

શ્રી અશોક ઉપાધ્યાય

**: પ્રકાશક :**

શ્રી પ્રાણજીવન ચકુલાલ ઉપાધ્યાય

મુ.પો. - ખરેડા, તાલુકો - મોરબી (ગુજરાત)

# જુનવાણી ગરબા

ૐ




**: સંકલન :**

શ્રી અશોક ઉપાધ્યાય

**: પ્રકાશક :**

શ્રી પ્રાણજીવન ચકુલાલ ઉપાધ્યાય

મુ.પો. – ખરેડા, તાલુકો – મોરબી (ગુજરાત)

# (૧) આશાપુરાનો ગરબો

સરસ્વત સ્વામીને  વિનવું જી રે ॥
ગણપત લાગું પાય ॥
માત આશાપુરા ગરબે રમો જી રે ॥ ૧ ॥
દેવ દુંદાળા તુનેં વિનવું જી રે ॥
જીને સોહે મોદિકનો આ'ર ॥ માત. ॥ ૨ ॥
ફુલ ફગરનો માને ઘાઘરો જી રે ॥
સાચલ રાતી કોર ॥ માતા ॥ ૩ ॥
નાના રંગની ઓઢી ચુંદડી જી રે ॥
કાંચલીચે ભરીચેલ હીર ॥ માત. ॥ ૪ ॥
કાંબી કડલાં માને શોભતા જી રે ॥
ઝાંઝરનો ઝમકાર ॥ માત. ॥ ૫ ॥
બાચેં બાજુબંધ બેરખા જી રે ॥
દશે આંગળીચે વેઢ ॥ માત. ॥ ૬ ॥
કાનેં અકોટા માને હેમનાં જી રે ॥
કંઠે એકાવલ હાર ॥ માત. ॥ ૭ ॥
સાંભ ત્રિવેણી મા ને ચોટલો જી રે ॥
સુંદિર ગોફણાનો ઘાટ ॥ માત. ॥ ૮ ॥
ગોફણે તે ઘુઘરી ગાજતી જી રે ॥

ટીલડી તપે લલાટ ॥ માતા. ॥ ૯ ॥
નૈણે તે કાજલ સારિયા જી રે ॥
કીધી કેશરની આડ્ય ॥ માતા. ॥ ૧૦ ॥
તે મધ્ય ચોખલા ચોડીયા જી રે ॥
જાણે ઈંદુ ઉગ્યો આકાશ ॥ માતા. ॥ ૧૧ ॥
સોનાનો ગરબો માએ શીર ધર્યો જી રે ॥
આવેલ ચાચર ચોક ॥ માત. ॥ ૧૨ ॥
શણગાર પેર્યો માએ શોભતા જી રે ॥
મુખ થકી વર્ણવ્યા ન જાય ॥ માત . ॥ ૧૩ ॥
ગરબામાં જ્યોત દીવો ઝળહળે જી રે ॥
જાણે સુર્ય ઉગ્યો પરભાત ॥ માત. ॥ ૧૪ ॥
ચોસઠ બેન મળી સામટી જી રે ॥
માંડયો તે નૌતમ રાસ ॥ માત. ॥ ૧૫ ॥
ઢોલ મૃદંગ વાજે ઘણા જી રે ॥
શરણાયુંનાં ચેચાટ ॥ માત. ॥ ૧૬ ॥
ગાંધર્વ ગાન કરે ઘણા જી રે ॥
નારદ તુંબર વાય ॥ માત. ॥ ૧૭ ॥
બ્રહ્મા સાવિત્રિ જોવા આવીયા જી રે ॥
વરખે ચઢી મહાદેવ ॥ માત. ॥ ૧૮ ॥
ઈંદ્ર ઈંદ્રાણી જોવા આવીયા જી રે ॥
ગરૂડે ચડી ગોવિંદ ॥ માત. ॥ ૧૯ ॥

દેવતા સરવે જોવા આવીયા જી રે ॥
પછે વર્ત્યો જે જે કાર ॥ માત. ॥ ૨૦ ॥
જે જે શબ્દ થાયે ઘણા જી રે ॥
રાસ ગાયો તે શીવરામદાસ ॥
માત આશાપુરા ગરબે રમો જી રે ॥ ૨૧ ॥

## (૨) રાંદલ માનો ગરબો

શંભુ તે સૂત ચરણે નમું જી રે ॥
એવા ગણપત્ય લાગું પાય ॥
રાણી રાંદલ રમે આજ રંગમાં જી રે ॥ ૧ ॥
નવરાત્રી રમે નવ દેવીયું જી રે ॥
તમે આવો ભાદરવે માસ ॥ રાણી. ॥ ૨ ॥
દેવી દડવેથી પરચો તાહરો જી રે ॥
નવખંડમાં તમારૂ નામ ॥ રાણી. ॥ ૩ ॥
વડ હેઠ વાસ તમારો રહ્યો જી રે ॥
તતો ઉગમણો દરબાર ॥ રાણી. ॥ ૪ ॥
ધુપ અગરનાં અતિ ઘણા જી રે ॥
તે તો પૂરે સરવની આશ ॥ રાણી. ॥ ૫ ॥
દીવા બળે માને ઘી તણા જી રે ॥

તે તો સૂર્ય થકી પરકાશ ॥ રાણી. ॥ ૬ ॥
નોબત વાગે ત્યાં નત નવી જી રે ॥
વાજાં વાગે ભૂગળ ને ભેર ॥ રાણી. ॥ ૭ ॥
વાજાં વાગે ત્યાં બહુ ઘણા જી રે ॥
થાય ઝાલર તણો ઝણેરાટ ॥ રાણી. ॥ ૮ ॥
ચુડો બીરાજે માને હેમનો જી રે ॥
જેને સૂરજ સરખો ભરથાર ॥ રાણી. ॥ ૯ ॥
આડ્ય કીધી કુમકુમ ભાલમાં જી રે ॥
માનેં ચોખલા ચોડયા છે ભાલ ॥ રાણી. ॥ ૧૦ ॥
માતા વાંઝને બંધાવે પારણા જી રે ॥
માતા આપે પુત્રની જોડ્ય ॥ રાણી. ॥ ૧૧ ॥
ગુંગા મુંગાને કોઢીયા જી રે ॥
બેરાં ટાળી કરે છે ન્યાલ ॥ રાણી. ॥ ૧૨ ॥
દુખીયા આવે તે દેશ દેશથી જી રે ॥
તેથી સુખીયા થઈ ઘેર જાય ॥ રાણી. ॥ ૧૩ ॥
આંધળા હતા તે દેખતા થયા જી રે ॥
માનાં દર્શન કરીને ઘરે જાય ॥ રાણી. ॥ ૧૪ ॥
માતા તમને દીઠે સુખ ઉપજે જી રે ॥
તમો નોધારાં ઓધાર ॥ રાણી. ॥ ૧૫ ॥
કલિકાલમાં છે પરચો તાહરો જી રે ॥
તમને હાકેમ જોડે હાથ ॥ રાણી. ॥ ૧૬ ॥

સંવત અઢાર પાંતરીસમાં જી રે ॥
સુંદીર આસો માસ ॥ રાણી. ॥ ૧૭ ॥
શુકલ પક્ષ ચતુર્દશી જી રે ॥
એવો લખીયો છે ગરૂવાર ॥ રાણી. ॥ ૧૮ ॥
ગરબો ગાયો તે મન ઉલ્લાસમાં જી રે ॥
દાસ દેવકરણ ચરણ નીવાસ ॥ રાણી. ॥ ૧૯ ॥
ગાય શીખે ને સાંભળે જી રે ॥
તેની રાંદલ પુરે આશ ॥
રાણી રાંદલ રમે છે આજ રંગમાં જી રે ॥ ૨૦ ॥

## (૩) અંબાજી ગરબે ઘુમે છે.

ગુરૂ ગણપતિનેં લાગુ પાય રે મા ॥
અંબાજી ગરબે ઘુમે છે ॥ ૧ ॥
શારદાજી થાજો સાય રે મા ॥ અંબા ॥ ૨ ॥
ગાઉ જગદંબાનો રાસ રે મા ॥ અંબા ॥ ૩ ॥
દાસ રાખજો ચરણ નીવાસ રે મા ॥ અંબા ॥ ૪ ॥
મા એ ધરીયું તે રૂપ સ્વરૂપ રે મા ॥ અંબા ॥ ૫ ॥
માને સેવે મોટા ભૂપ રે મા ॥ અંબા ॥ ૬ ॥
રમે પરિબ્રહ્મની પટરાણી રે મા ॥ અંબા ॥ ૭ ॥
વેદ ચાર તણી છો વાણી રે મા ॥ અંબા ॥ ૮ ॥

મેરૂ પરવત લોકાલોક રે મા ॥ અંબા ॥ ૯ ॥
માને દિવીયું ઝલકે ચોક રે મા ॥ અંબા ॥ ૧૦ ॥
એવો નૌતમ નાટારંભ રે મા ॥ અંબા ॥ ૧૧ ॥
એવો અખંડ ખેલ મચાવ્યો રે મા ॥ અંબા ॥ ૧૨ ॥
વાણી વેદ પૂરાણમાં ન્યારી રે મા ॥ અંબા ॥ ૧૩ ॥
કોડિયું સપ્ત પાતાલનું કીધુ રે મા ॥ અંબા ॥ ૧૪ ॥
માનો મહિમાં છે વિખ્યાત રે મા ॥ અંબા ॥ ૧૫ ॥
સાત સાગર તેલ કુલેલ રે મા ॥ અંબા ॥ ૧૬ ॥
પરવતની બાંધી પાળ્ય રે મા ॥ અંબા ॥ ૧૭ ॥
થૈ નવલા રંગની રેલ રે મા ॥ અંબા ॥ ૧૮ ॥
ઉંઢુણી મેદની કીધી રે મા ॥ અંબા ॥ ૧૯ ॥
સેવકની કરવા સિદ્ધિ રે મા ॥ અંબા ॥ ૨૦ ॥
બ્રહ્મ ગોલ નો ગરબો કીધો રે મા ॥ અંબા ॥ ૨૧ ॥
ઘુમવાને શીર પર લીધો રે મા ॥ અંબા ॥ ૨૨ ॥
દીશો દશાની ફરતી જાળી રે મા ॥ અંબા ॥ ૨૩ ॥
મંગલ રૂપે થયા છો કાલી રે મા ॥ અંબા ॥ ૨૪ ॥
બાર સુરજ દિપક ઝલકે રે મા ॥ અંબા ॥ ૨૫ ॥
હેંચ લેતા હુલરીયું ખલકે રે મા ॥ અંબા ॥ ૨૬ ॥
નાચે વિષ્ણુ વેણ વગાડે રે મા ॥ અંબા ॥ ૨૭ ॥
મહાલક્ષ્મી તાલી પાડે રે મા ॥ અંબા ॥ ૨૮ ॥
બ્રહ્મા વેદ ભણે ને નાચે રે મા ॥ અંબા ॥ ૨૯ ॥

સાવીત્રી વાણી વાંચે રે મા ।। અંબા ।। ૩૦ ।।
શિવ શંકર તાંન મિલાવે રે મા ।। અંબા ।। ૩૧ ।।
પારવતિ ભાવ જણાવે રે મા ।। અંબા ।। ૩૨ ।।
નારદજી નટવર થાયે રે મા ।। અંબા ।। ૩૩ ।।
ઈંદ્ર ઈંદ્રાણી છંદ ગાય રે મા ।। અંબા ।। ૩૪ ।।
દાસ શિવરામ કીરતી ગાય રે મા ।। અંબા ।। ૩૫ ।।
ચરણ નીરખીને પાવન થાય રે મા ।। અંબા ।। ૩૬ ।।
ગાયો ઓગણપંસનો અઢાર રે મા ।। અંબા ।। ૩૭ ।।
ચડીયાં સેવકની વારે રે મા ।। અંબા ।। ૩૮ ।।
રાસ ગાયો શ્રાવણ માસ રે મા ।। અંબા ।। ૩૯ ।।
સદા રાખજો ચરણની વારે મા ।। અંબા ।। ૪૦ ।।

## (૪) રૂડે ગરબે રમે છે દેવી અંબીકા

રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે ।।
પાયે લાગે છે ઘુઘરીનાં ઘંમા રે ।। રૂડે. ।। ૧ ।।
ગરબો જોવાને દેવ મુની આવીયા રે ।।
ભેળા બ્રહ્મા સાવિત્રીનેં લાવીયા રે ।। રૂડે. ।। ૨ ।।
ગરબે ઘુમતણી તાલી પડે રે ।।
દેવ દુંદભિનાં વાજા ગડગડે રે ।। રૂડે. ।। ૩ ।।
આવ્યા નવ કુળ નાગ નેં નાગણી રે ।।

જોવા ના'વી તે નાર અભાગણી રે ।। રૂડે. ।। ૪ ।।
ત્યાંહા ચોસઠ જોગણી ભેળી થઈ રે ।।
નવ દુર્ગા ત્યાં જોતા મોહી રહી રે ।। રૂડે. ।। ૫ ।।
આવ્યાં ઈંદ્ર ઈંદ્રાણી ને દેવતા રે ।।
શિવ વિષ્ણુ તે શક્તિને સેવતા રે ।। રૂડે. ।। ૬ ।।
તાંહાં બાવન વીર ઉભા જુવે રે ।।
દુષ્ટીનાં હૈયામાં નવ ગમે રે ।। રૂડે. ।। ૭ ।।
વાજે વીણા ને તાલ મૃદંગમાં રે ।।
સર્વ તંબુરો ભર્યો છે રસ રંગમાં રે ।। રૂડે. ।। ૮ ।।
ગાન ચારે વેદ તીહાં ગાય છે રે ।।
માને શા મોટો મહિમાય છે રે ।। રૂડે. ।। ૯ ।।
કર જોડી નરભેરામ ગાય છે રે ।।
માનાં ચરણ કમલ શીશ સાચ છે રે ।। રૂડે. ।।

## (૫) ભવાની માં નો ગરબો

ગાયું તે ગણપતિરાયે ।। ભવાની માં ।।
શારદાજી થાજો સાચે ।। ભવાની માં ।। ૧ ।।
ચરણ કમલ શીશ નામું ।। ભવાની માં ।।
રૂદે કમલ વચેં રે જો ।। ભવાની માં ।। ૨ ।।
દાડિ દાડિ દરશન દે જો ।। ભવાની માં ।।

ઘટ ઘટ રમતાં દેખુ ॥ ભવાની માં ॥ ૩ ॥
સત્ય સ્વરૂપ કરી લેખુ ॥ ભવાની માં ॥
અખંડ રૂપ અવિનાશી ॥ ભવાની માં ॥ ૪ ॥
તમેં ગંગાને કાશી ॥ ભવાની માં ॥
ત્રિગુણ જનેતા કેવાણા ॥ ભવાની માં ॥ ૫ ॥
દાસનાં મનમાં ભાવ્યા ॥ ભવાની માં ॥
વિલાસ કરો છો બહુ રંગે ॥ ભવાની માં ॥ ૬ ॥
ચોસઠ જોગણીની સાથે ॥ ભવાની માં ॥
તેવી તેવડી મદમાતિ ॥ ભવાની માં ॥ ૭ ॥
છંદે તે ગરબે ગાતી ॥ ભવાની માં ॥
ઝાંઝ ઝાલરીને ડાક ॥ ભવાની માં ॥ ૮ ॥
તાંલ મૃદંગ શંખ વાગે ॥ ભવાની માં ॥
દશોદશ શબ્દ થાય ॥ ભવાની માં ॥ ૯ ॥
ગાજી રહ્યા છે ઘનઘોરે ॥ ભવાની માં ॥
ફરતી કુદડી નાં ફેરે ॥ ભવાની માં ॥ ૧૦ ॥
કનક કૈલાશ કેરી ઝારી ॥ ભવાની માં ॥
વિષ્ણુ રહ્યા છે વિમાસી ॥ ભવાની માં ॥ ૧૧ ॥
નવ દિન ગાયે નવ જોગી ॥ ભવાની માં ॥
ભાવે ભજે છે બ્રહ્મા ભોગી ॥ ભવાની માં ॥ ૧૨ ॥
લટકે મહિષાસુર માર્યો ॥ ભવાની માં ॥
સેના સહિત સંહાર્યો ॥ ભવાની માં ॥ ૧૩ ॥
ધૂમ્ર લોચન ઢંઢોળ્યો ॥ ભવાની માં ॥

ચંડ મુંડ મરડીને માર્યો ॥ ભવાની માં ॥ ૧૪ ॥
દૈત્ય મારીને રૂધિર પીધા ॥ ભવાની માં ॥
દેવતાનાં કારજ કીધા ॥ ભવાની માં ॥ ૧૫ ॥
સેવકને સાય દે રેજો ॥ ભવાની માં ॥
વિનતિને માની લેજો ॥ ભવાની માં ॥ ૧૬ ॥
ગુણ ગાવાને હૈયું હિંસે ॥ ભવાની માં ॥
શિવરામદાસ તમારો ॥ ભવાની માં ॥ ૧૭ ॥
ચરણે આવેનેં ભાવઠ ભાગો ॥ ભવાની માં ॥
સંવત સત્તર સાડત્રીશો ॥ ભવાની માં ॥ ૧૮ ॥
આસો માસ બીજ અજવાળી ॥ ભવાની માં ॥
શુકર થયાં છો મહાકાલી ॥ ભવાની માં ॥ ૧૯ ॥

## (૬) મહાકાળી નો ગરબો

સરસ્વતિને ચરણે નમું ॥ મા કાલી રે ॥
આપો અવીચલ વાંણ ॥ પાવા વાળી રે ॥
ગુણપતિ ગુણ લંબોદરા ॥ મા કાલી રે ॥
દુઃખ ભંજણા છો દેવ ॥ પાવા વાળી રે ॥ ૧ ॥
જુગ દેવી જશ ગાય છે ॥ મા કાલી રે ॥
મમ જીભે વસજો માત ॥ પાવા વાળી રે ॥

મા સેવક જાણી તારજો ।। મા કાલી રે ।।
શીર ઉપર ધરજો હાથ ।। પાવા વાળી રે ।। ૨ ।।
મા હુંશ ઘણેરી થાય છે ।। મા કાલી રે ।।
ગુણ ગાવાનું છે મન ।। પાવા વાળી રે ।।
તાંહા ગઢડો ગેર ગંભીર છે ।। મા કાલી રે ।।
તે કેતા નાવે પાર ।। પાવા વાળી રે ।। ૩ ।।
મા દયા તે કરજો દરસણી ।। મા કાલી રે ।।
ઉપજે બુદ્ધિ પાવન ।। પાવા વાળી રે ।।
મા બાલક બુદ્ધિ શું કરૂ ।। મા કાલી રે ।।
મા જોઈએ તારો આધાર ।। પાવા વાળી રે ।। ૪ ।।
મા નવતેરી નગરી વસે ।। મા કાલી રે ।।
ચંપાવતી ચતુર સુજાણ ।। પાવા વાળી રે ।।
તેમાં રામ સરીખુ રાજ છે ।। મા કાલી રે ।।
ત્યાં વસે અઢારે વર્ણ ।। પાવા વાળી રે ।। ૫ ।।
ત્યાં ચતુર નારીચું અતિ ઘણી ।। મા કાલી રે ।।
નિરમલ છે તેનુ મન ।। પાવા વાળી રે ।।
ત્યાં ગરબો બોલે ચોકમાં ।। મા કાલી રે ।।
નવરાત્રી કેરે દિન ।। પાવા વાળી રે ।। ૬ ।।
ત્યાં શણગાર સરવે શોભીતા ।। મા કાલી રે ।।
નારી કુંજરનાં ચીર ।। પાવા વાળી રે ।।
ત્યાં ગુણવંતી ગરબે રમે ।। મા કલી રે ।।
રાખી મનડામાં ધીર ।। પાવા વાળી રે ।। ૭ ।।

ત્યાં તાલી તણી ઝડીયું પડે ।। મા કાલી રે ।।
તાં શોભા નૌતમ થાય ।। પાવા વાળી રે ।।
કોકિલા શબ્દ સોહામણા ।। મા કાલી રે ।।
નવરંગી નારી ગાય ।। પાવા વાળી રે ।। ૮ ।।
તે મધ્યે માતાજી આવીયાં ।। મા કાલી રે ।।
વીજળીનાં સરખુ રૂપ ।। પાવા વાળી રે ।।
તે સૂરજ સરીખા શોભતા ।। મા કાલી રે ।।
માયેં રૂપ ધર્યું અદ્ભૂત ।। પાવા વાળી રે ।। ૯ ।।
તાં રાણીયું સરવે ઝાંખી પડી ।। મા કાલી રે ।।
મા તેજ તણો અંબાર ।। પાવા વાળી રે ।।
તે રાણીયું મનમાં ઈમ ધરે ।। મા કાલી રે ।।
બઈ આ કુણ નવલી નાર ।। પાવા વાળી રે ।। ૧૦ ।।
તે રૂપ સ્વરૂપે આગલી ।। મા કાલી રે ।।
તેની સોવણ સરખી કાય ।। પાવા વાળી રે ।।
મધ્ય રાત્યેં રાણી પરવરી ।। મા કાલી રે ।।
તે જોઈ ન ટકે પાય ।। પાવા વાળી રે ।। ૧૧ ।।
તે રાણી રાય આગળ કહે ।। મા કાલી રે ।।
સાંભળોને અમ ભરથાર ।। પાવા વાળી રે ।।
એક રામા રમવા આવે છે ।। મા કાલી રે ।।
તેનું જોબન છે વરસ બાર ।। પાવા વાળી રે ।। ૧૨ ।।
તે બતરિસ લક્ષણે આગલી ।। મા કાલી રે ।।

તે આગળ કોઈ નહીં નાર ।। પાવા વાળી રે ।।
તે રાણી રાય તમને ગમે ।। મા કાલી રે ।।
જાણે સૂરજ તણો પરકાશ ।। પાવા વાળી રે ।। ૧૩ ।।
તેને દિવસ ગયો છે દોયલો ।। મા કાલી રે ।।
મનડામાં મોટી આશ ।। પાવા વાળી રે ।।
રાત્ય પડી રવિ આથમ્યો ।। મા કાલી રે ।।
ચોઘડિં ઠમકે બાર ।। પાવા વાળી રે ।। ૧૪ ।।
ઘરઘરથી સરવે નિસરી ।। મા કાલી રે ।।
ગરબે ગાવા સહુ જાય ।। પાવા વાળી રે ।।
ત્યાં રંગ મચ્યો સોહામણો ।। મા કાલી રે ।।
એવાંમાં આવ્યાં માત ।। પાવા વાળી રે ।। ૧૫ ।।
તેવામાં દાસી મોકલી ।। મા કાલી રે ।।
રાયનેં સંભળાવી વાત ।। પાવા વાળી રે ।।
તાં પતાઈ રાવલ ઉઠીયો ।। મા કાલી રે ।।
જોવાને નવલી નાર ।। પાવા વાળી રે ।। ૧૬ ।।
તે નારી નરખી નેણા ભરી ।। મા કાલી રે ।।
તેનું વિહવલ થયું છે મન ।। પાવા વાળી રે ।।
તેને નખશીખ સુધી નિરખીયા ।। મા કાલી રે ।।
મોરછાયે પડીયો દેહ ।। પાવા વાળી રે ।। ૧૭ ।।
રમતાં રજનિ થોડી રહી ।। મા કાલી રે ।।
સહુ ગયું પોતાને ઘેર ।। પાવા વાળી રે ।।

તારેં માતા ચાલ્યાં એકલા ॥ મા કાલી રે ॥
પતાઈએ જાણી પેર ॥ પાવા વાળી રે ॥ ૧૮ ॥
ત્યારે પાપી પુંઠે પરવાર્યો ॥ મા કાલી રે ॥
માતાનો ઝાલ્યો હાથ ॥ પાવા વાળી રે ॥
તારેં "માગ્ય માગ્ય" મુખથી કહ્યું ॥ મા કાલી રે ॥
એમ બોલ્યાં કાલકા માત ॥ પાવા વાળી રે ॥
ત્યારે રાજા મન રીઝયો ઘણું ॥ મા કાલી રે ॥
અમ સાથે જોડો પ્રીત્ય ॥ પાવા વાળી રે ॥
તમે ખાવો-પીવો-ખુબી કરો ॥ મા કાલી રે ॥
રૂડી રાજ સું કરજો રીઝ ॥ પાવા વાળી રે ॥ ૨૦ ॥
તાંહાં મોલ ચણાવુ માંણક તણા ॥ મા કાલી રે ॥
તેની કોય ન જાણે વાત ॥ પાવા વાળી રે ॥
તારૂ રૂપ વસ્યું છે હૈડામાં ॥ મા કાલી રે ॥
તમે હરખે પધારો ઘેર ॥ પાવા વાળી રે ॥ ૨૧ ॥
મારેં મોલે રાણીયું અતિ ઘણી ॥ મા કાલી રે ॥
તેમાં પટરાણી આપ ॥ પાવા વાળી રે ॥
ત્યારે ક્રોધ કરીને બોલીયા ॥ મા કાલી રે ॥
રાજા પ્રગટ થયું તારૂ પાપ ॥ પાવા વાળી રે ॥ ૨૨ ॥
તારૂ રાજ જજો ઘરમુળથી ॥ મા કાલી રે ॥
એમ કહી પધાર્યા ભુવન ॥ પાવા વાળી રે ॥
પછે પૂરવથી દળ આવીયું ॥ મા કાલી રે ॥

પશ્ચમ થયો રણથંભ ॥ પાવા વાળી રે ॥ ૨૩ ॥
ત્યારે પોઠ ચલાવી પાધરી ॥ મા કાલી રે ॥
બુટિયે દરવાજે જાય ॥ પાવા વાળી રે ॥
ત્યારે બુડીચું મારી બલભરી ॥ મા કાલી રે ॥
નીકળ્યાં મુંગલના દૈત્ય ॥ પાવા વાળી રે ॥
તાં યુદ્ધ થયું યુદ્ધારણે ॥ મા કાલી રે ॥
તાં વર્ત્યો છે ઉતપાત ॥ પાવા વાળી રી ॥
તાં સેલીયો આવ્યો એકલો ॥ મા કાલી રે ॥
તે કહે પતાઈને વાત ॥ પાવા વાળી રે ॥ ૨૫ ॥
તારેં રાજા તમો જાણજો ॥ મા કાલી રે ॥
હવે કરજો અમારી સાચ ॥ પાવા વાળી રે ॥
તારે લે લશ્કર આગળ થયો ॥ મા કાલી રે ॥
ત્યાં ભેળવીચા ભંડાર ॥ પાવા વાળી રે ॥ ૨૬ ॥
ત્યાં અન્ન જળ સઘળું લુટીચું ॥ મા કાલી રે ॥
ત્યાં જુધ થયુ વરસ બાર ॥ પાવા વાળી રે ॥
તાં લોહી તણી નદીંયુ વહી ॥ મા કાલી રે ॥
તાંહાં ઝમર થયો અધિકાર ॥ પાવા વાળી રે ॥ ૨૭ ॥
તારેં પતાઈ રાવલનું પત ગયું ॥ મા કાલી રે ॥
તે જુગમાં જાણી વાત ॥ પાવા વાળી રે ॥
તાં જોગ ભોગ પૂરો થયો ॥ મા કાલી રે ॥
તાં ખપ્પર થયું સમતુલ ॥ પાવા વાળી રે ॥ ૨૮ ॥
તારેં પતાઈ રાવલ સમજીયો ॥ મા કાલી રે ॥

મૂરછાએ પડીયો દેહ ॥ પાવા વાળી રે ॥
તારે પતાઈ રાવલ ઈમ ધરે ॥ મા કાલી રે ॥
મુજ ઉપર કોપ્યા માય ॥ પાવા વાળી રે ॥ ૨૯ ॥
તારે કરગરતો ચરણે ગયો ॥ મા કાલી રે ॥
બેઉ સંપુટ જોડી હાથ ॥ પાવા વાળી રે ॥
મેં અજ્ઞાનીએ ઓળખ્યા નહીં ॥ મા કાલી રે ॥
તે માટે થયો રણથંભ ॥ પાવા વાળી રે ॥ ૩૦ ॥
મા મુજ ઉપર દયા કરો ॥ મા કાલી રે ॥
દળ સઘળું પાછું વાળ ॥ પાવા વાળી રે ॥
મહાકાલી મનમાં ઈમ ધરે ॥ મા કાલી રે ॥
સુબાને આપું સુખ ॥ પાવા વાળી રે ॥ ૩૧ ॥
તારેં માતા બોલ્યાં એટલું ॥ મા કાલી રે ॥
પતાઈનું ટળજો દુઃખ ॥ પાવા વાળી રે ॥
જે ગાય શીખે ને સાંભળે ॥ મા કાલી રે ॥
તેની માતા પુરે આશ ॥ પાવા વાળી રે ॥
મા તુજ વીના હું એકલો ॥ મા કાલી રે ॥
ગુણ ગાય છે રણછોડદાસ ॥ પાવા વાળી રે ॥ ૩૨ ॥

## (૭) અંબા અલબેલીનો ગરબો

મુંને આસરો એક તમારો રે ॥ અંબા અલબેલી ॥

ભવજલ થી પાર ઉતારો રે ॥ અંબા અલબેલી ॥ ૧ ॥
તારો સેવક ન પામે પાર રે ॥ અંબા અલબેલી ॥ ૨ ॥
બ્રહ્મા વેદ વખાણે નિરધાર રે ॥ અંબા અલબેલી ॥ ૩ ॥
તારી અકળ ગતિ છે ન્યારી રે ॥ અંબા અલબેલી ॥ ૪ ॥
બહુ નખશીખ તે શોભામાં રે ॥ અંબા અલબેલી ॥ ૫ ॥
સું ગૌરી તે ગોરે વાને રે ॥ અંબા અલબેલી ॥ ૬ ॥
શીશ ગરબે તે ઘુઘરમાલ રે ॥ અંબા અલબેલી ॥ ૭ ॥
ઓઢુંણી ઝાકઝમાલ રે ॥ અંબા અલબેલી ॥ ૮ ॥
માજી દીપક આરૂણની જ્યોત રે ॥ અંબા અલબેલી ॥ ૯ ॥
શીશ હિરલો છે ઉધ્યોત રે ॥ અંબા અલબેલી ॥ ૧૦ ॥
છૂટી બાંધી ઘણી ઘુઘરી રે ॥ અંબા અલબેલી ॥ ૧૧ ॥
આંજી આંખડી મૃગાનેણી રે ॥ અંબા અલબેલી ॥ ૧૨ ॥
કીધી કુમકુમ કેસરની આડ્ય રે ॥ અંબા અલબેલી ॥ ૧૩ ॥
ચાંડલીયે નખલો જડાવ્ય રે ॥ અંબા અલબેલી ॥ ૧૪ ॥
ભર્યો સિંથામાં સીંદુર રે ॥ અંબા અલબેલી ॥ ૧૫ ॥
જુવે જુગતી આઠે પોર રે ॥ અંબા અલબેલી ॥ ૧૬ ॥
રાતા દંત અધર પરવાળા રે ॥ અંબા અલબેલી ॥ ૧૭ ॥
નથડીમાં નિરમલ મોતી રે ॥ અંબા અલબેલી ॥ ૧૮ ॥
જાણે ઈંદુ અરૂણની જ્યોત રે ॥ અંબા અલબેલી ॥ ૧૯ ॥
કાને કુંડલ ઝલકે ઝાલ્ય રે ॥ અંબા અલબેલી ॥ ૨૦ ॥
સું નાકે મોતી અપાર રે ॥ અંબા અલબેલી ॥ ૨૧ ॥

કંચુકીયે હીરલો સાર રે ।। અંબા અલબેલી ।। ૨૨ ।।
ચાલી ચંપકવર્ણી ચાલ રે ।। અંબા અલબેલી ।। ૨૩ ।।
બાજુબંધને ચુડી ઝલકે રે ।। અંબા અલબેલી ।। ૨૪ ।।
હીંચ લેતા હુલરીયું ખલકે રે ।। અંબા અલબેલી ।। ૨૫ ।।
પુંચી વાડલો લળીલળી જાય રે ।। અંબા અલબેલી ।। ૨૬ ।।
કટી મેખલા ઝીણે સાદે રે ।। અંબા અલબેલી ।। ૨૭ ।।
વીટી આરસી ઘુઘુરીયાળી રે ।। અંબા અલબેલી ।। ૨૮ ।।
મા તટક વાજે તાલી રે ।। અંબા અલબેલી ।। ૨૯ ।।
વેઢ વાંકડા ને અંગુઠી રે ।। અંબા અલબેલી ।। ૩૦ ।।
માજી અમૃત આલો વાણી રે ।। અંબા અલબેલી ।। ૩૧ ।।
કાંબી કડલાને લંઘરલેકે રે ।। અંબા અલબેલી ।। ૩૨ ।।
માજી રમ્યાં તે બહુરંગે રે ।। અંબા અલબેલી ।। ૩૩ ।।
રમે તેવતેવડી જોગમાયા રે ।। અંબા અલબેલી ।। ૩૪ ।।
ત્યાં દેવ મુનિ લલચાયા રે ।। અંબા અલબેલી ।। ૩૫ ।।
વાજે તાલ મૃદંગને તાલી રે ।। અંબા અલબેલી ।। ૩૬ ।।
ભાવે ભેરવ મારે હાક રે ।। અંબા અલબેલી ।। ૩૭ ।।
પગ પડે ને ધરતી ગાજે રે ।। અંબા અલબેલી ।। ૩૮ ।।
તેનો શબ્દ ગગનમાં ગાજે રે ।। અંબા અલબેલી ।। ૩૯ ।।
માહિ નારદ તુંબર વાચે રે ।। અંબા અલબેલી ।। ૪૦ ।।
માજી નથી અવરની આશ રે ।। અંબા અલબેલી ।। ૪૧ ।।
દાસ શીવરામ કીરતી ગાય રે ।। અંબા અલબેલી ।। ૪૨ ।।

ચરણ નીરખીને પાવન થાય રે ।। અંબા અલબેલી ।। ૪૩ ।।
ગાયો ઓગણ પંચાસનો અઢાર રે ।।
અંબા અલબેલી ।। ૪૪ ।।
દાસ રાખજો ચરણ નીવાસ રે ।। અંબા અલબેલી ।। ૪૫ ।।

## (૮) સકત નો ગરબો

આધ્ય સકત તુજને નમું રે બૌચરી ।।
ગુણપત્ય લાગું પાય ।। ૧ ।।
ક્રીપા કરોને માહેશ્વરિ રે બૌચરી ।।
ગુણ તમારા ગાઉ ।। ૨ ।।
શાસ્ત્ર પુરાણ સમઝુ નહિ રે બૌચરી ।।
વાણી આપો વવેક ।। ૩ ।।
પ્રથમ ચરિત્ર માનું સાંકળુ રે બૌચરી ।।
માર્યો તે મહિષાસુર ।। ૪ ।।
સંખાસુરનેં હાથે હણ્યો રે બૌચરી ।।
રૂધીર ચાલ્યાં પૂર ।। ૫ ।।
રણવિધનેં રણ રોળીયો રે બૌચરી ।।
કીધાં અનોપમ કાજ ।। ૬ ।।
માન સરોવર ઝીલતા રે બૌચરી ।।

કરતાં તે લાલ વિલાસ ॥ ૭ ॥
ચોસઠ દેવી મલી સાંમટી રે બૌચરી ॥
માંન સરોવર નાય ॥ ૮ ॥
સઘળા દેવતાં આવિયા રે બૌચરી ॥
આજ્ઞા માગીને ઘેર જાય ॥ ૯ ॥
ઘોડીનો ઘોડો કર્યો રે બૌચરી ॥
નારી નો નર થાય ॥ ૧૦ ॥
મુવા તે બ્રહ્મ બોલાવીયા રે બૌચરી ॥
અસુર તણા ઘટમાં ય ॥ ૧૧ ॥
દુંદભિ વાજા દેવનાં રે બૌચરી ॥
નગરગડે નીસાંણ ॥ ૧૨ ॥
હવન હોમ અતિ શે ઘણા રે બૌચરી ॥
ખીર ખાંડ હોમાય ॥ ૧૩ ॥
બ્રાહ્મણ સઘળા વેદ ભણે રે બૌચરી ॥
માનુની મંગલ ગાય ॥ ૧૪ ॥
ચીર ચુંદડી હોમાય છે રે બૌચરી ॥
થથાક થૈ થૈ થાય ૧૫ ॥
સંખલપુર સોહામણુ રે બૌચરી ॥
તાંય તમારો વાસ ॥ ૧૬ ॥
એ ગરબો બૌચર માતનો રે બૌચરી ॥
શીખે સુણે ને ગાય ॥ ૧૭ ॥

પાપ તેના પ્રલ થશે રે બૌચરી ॥
વાસો તે વૈકુંઠ થાય ॥ ૧૮ ॥
રણછોડને રદે રાખજો રે બૌચરી ॥
દેહી તણાં દુઃખ જાય ॥ ૧૯ ॥

## (૯) શીવજી નો ગરબો

થયા છો શબ્દ થકી સાકાર ॥ શીવજી સરે રિયા રે ॥
મોટા મહા જોગી જલધાર ॥ શીવજી. ॥ ૧ ॥
આપો ઈચ્છા કીધી એક ॥ શીવજી. ॥
ધરો છો નામ રૂપ અનેક ॥ શીવજી. ॥ ૨ ॥
ઘટ ઘટ વિશ્વનાથનો વાસ ॥ શીવજી. ॥
સુંદર શુભ સ્થાંન કૈલાશ ॥ શીવજી. ॥ ૩ ॥
બીરાજે જટાજુટમાં ગંગ ॥ શીવજી. ॥
ગુણવંત ગીરજા શોભે સંગ ॥ શીવજી. ॥ ૪ ॥
શીતલ ચંદ્ર ધર્યો છે શીશ ॥ શીવજી. ॥
સ્વામી સકલ ભુવનનાં ઈશ ॥ શીવજી. ॥ ૫ ॥
તિલકધન શોભે ત્રીલોચન ॥ શીવજી. ॥
ઝળહળ ઝલકે પંચવદન ॥ શીવજી. ॥ ૬ ॥
તમને વ્યાપે નહી વિષપાન ॥ શીવજી. ॥

નીરંજન નીલકંઠ ભગવાન ॥ શીવજી. ॥ ૭ ॥
શ્રવણે કુંડલ શોભે સાર ॥ શીવજી. ॥
બીરાજે રૂંઢમાલ  ઉરહાર ॥ શીવજી. ॥ ૮ ॥
દશ ભુજ દિપે દક્ષણ વામ ॥ શીવજી. ॥
કરો છો સેવકનાં શુભ કામ ॥ શીવજી. ॥ ૯ ॥
પીનાકપાણિ સરણી શંખ ॥ શીવજી. ॥
ત્રિશુલપાણિ છે ત્રિચંક ॥ શીવજી. ॥ ૧૦ ॥
કરમાં કંકણ ડમરૂં ડાક ॥ શીવજી. ॥
ભીક્ષા ભોજન શાક ને પાક ॥ શીવજી. ॥ ૧૧ ॥
અંકમાં આયુધ તીક્ષણ સાર ॥ શીવજી. ॥
કરવા કુટીલ તણાં સંહાર ॥ શીવજી. ॥ ૧૨ ॥
વિભૂતિ વાઘંબર પરિધાન ॥ શીવજી. ॥
વાલુ વસ્તિ યે સમશાંન ॥ શીવજી. ॥ ૧૩ ॥
ઉત્તમ ઉપવિત કાલીનાગ ॥ શીવજી. ॥
ગમે છે ગાન તાન રંગ રાગ ॥ શીવજી. ॥ ૧૪ ॥
નંદી ભ્રંગી નાચે ગાય ॥ શીવજી. ॥
શોભે વૃષભનું વાહન ॥ શીવજી. ॥ ૧૫ ॥
ભાવે ભાંગ ધતુરો ચાવો ॥ શીવજી. ॥
ઈછાયે જાગ જગનમાં આવો ॥ શીવજી. ॥ ૧૬ ॥
ઓલક કરે અષ્ટમા સિદ્ધ ॥ શીવજી. ॥
દ્વારે દાસી છે નવ નધ ॥ શીવજી. ॥ ૧૭ ॥

ભારેં સેન્યા ભૈરવ ભૂત ॥ શીવજી. ॥
કેડે કીન્નર ને યક્ષદુત ॥ શીવજી. ॥ ૧૮ ॥
સુંપ્યા સેવકને ભંડાર ॥ શીવજી. ॥
તમારો કુબેર કામદાર ॥ શીવજી. ॥ ૧૯ ॥
કરતા કોટિ કોટિ બ્રહ્માંડ ॥ શીવજી. ॥
તમારો અદ્‌ભૂત ખેલ અખંડ ॥ શીવજી. ॥ ૨૦ ॥
તાલી ખાલી ન પડે ખેલ ॥ શીવજી. ॥
દીપક વણબતિ વણતેલ ॥ શીવજી. ॥ ૨૧ ॥
શોભે શીવ શક્તિનો રાસ ॥ શીવજી. ॥
બોધ્યા સરખા બારે માસ ॥ શીવજી. ॥ ૨૨ ॥
વરણવ કરી ન શકે હોય ॥ શીવજી. ॥
બ્રહ્મા ઈંદ્ર ન જાણે ભેદ ॥ શીવજી. ॥ ૨૩ ॥
ભૂતલ ભાવે પ્રકંટાં રાય ॥ શીવજી. ॥
કરવા સેવકનાં શુભ કાજ ॥ શીવજી. ॥ ૨૪ ॥
હેતે હાંસલપુરમાં આવો ॥ શીવજી. ॥
સાથે પરિવાર સર્વે લાવો ॥ શીવજી. ॥ ૨૫ ॥
દરશન દાસલડાને આપો ॥ શીવજી. ॥
કલિમલ કોટિ જનમનાં કાપો ॥ શીવજી. ॥ ૨૬ ॥
પુજા આનંદ પ્રકારે થાય ॥ શીવજી. ॥
ભગતજન ભાવે કીરતન ગાય ॥ શીવજી. ॥ ૨૭ ॥
જમે ને રમે વિપ્રના વૃંદ ॥ શીવજી. ॥

કરે છે અષ્ટ પોર આનંદ ।। શીવજી. ।। ૨૮ ।।
ગરબો ગરૂ પ્રતાપે ગાયો ।। શીવજી. ।।
વાડવ વચને ગ્રંથ બંધાયો ।। શીવજી. ।। ૨૯ ।।
હરિહર શક્તિ સરખા જાણુ ।। શીવજી. ।।
એમાં અંતર રેખ ન આણું ।। શીવજી. ।। ૩૦ ।।
ગરબો શીખે સુણે ને ગાય ।। શીવજી. ।।
તેનાં મનવાંછિત ફલ થાય ।। શીવજી. ।। ૩૧ ।।
કહ્યા છે પ્રીત્યે પદ પાંતરીસ ।। શીવજી. ।।
ગાતા રીઝે ઉમિયા ઈશ ।। શીવજી. ।। ૩૨ ।।
આપ્યા ભુક્તિ મુક્તિ ભંડાર ।। શીવજી. ।।
તમો છો વડા દેવ દાતાર ।। શીવજી. ।। ૩૩ ।।
રસીકે કર્યો રાજ્યનો રાસ ।। શીવજી. ।। ૩૪ ।।
જાણે રઘુનાથ નીજ દાસ ।। શીવજી. ।। ૩૫ ।।

## (૧૦) અંબાજીનો મજરો

અંબે મા મજરો લેજો રે ।।
બૌચર મા મજરો લેજો રે ।।
મારી માજી મજરો લેજો રે ।।
મજરો તે લેજો મુંને સુખ દેજો ।।

મનમાંની ખુસાલ મજરો લેજો રે ॥ ટેક ॥
આરા તે સુરમાં અંબા બીરાજે ॥
પાવેગઢ મા કાલી મજરો લેજો રે ॥
॥ અંબે. ॥ બૌચર. ॥ મારી. ॥ મજરો. ॥ મનમાં. ॥
દક્ષિણમાં તુલજા ભવાની ॥ ચુંવાલ બૌચરવાલી
મજરો લેજો રે
॥ અંબે. ॥ બૌચર. ॥ મારી. ॥ મજરો. ॥ મનમાં. ॥ ૨ ॥
ઉગમણો તારો ગોખ બીરાજે ॥
નીચેં છે નારસિંહ વીર, મજરો લેજો રે ॥
॥ અંબે. ॥ બૌચર. ॥ મારી. ॥ મજરો. ॥ મનમાં. ॥ ૩ ॥
કર જોડી ભટ્ટ વલ્લભ વિનવે ॥
હું છું તમારો દાસ મજરો લેજો રે ॥
અંબે મા મજરો લેજો રે ॥
બૌચર મા મજરો લેજો રે ॥
મારી માજી મજરો લેજો રે ॥
મજરો તે લેજો મુંને સુખ દેજો ॥
મનમાંની ખુસાલ મજરો લેજો રે ॥ ૪ ॥

## (૧૧) બરદાલી બહુચર

મારી બરદાલી બૌચર માવડી રે ॥

સંખલપુરની રાય રે ॥ મારી. ॥ ૧ ॥
ધોળે તે ગઢથી પધારીયા રે ॥
વસીયા ચૌવાલને ચોક રે ॥ મારી. ॥ ૨ ॥
ત્રણ્ય ગામ વચેં આવી અડાં રે ॥
બેઠાં સનમુખ ગોખ રે ॥ મારી. ॥ ૩ ॥
શ્રૃષ્ટિ કરવાની ઈચ્છા કરી રે ॥
રચીયા ચૌદ બ્રહ્માંડ રે ॥ મારી. ॥ ૪ ॥
સ્વર્ગ મૃત્યુ પાતાલમાં રે ॥
સપ્ત દ્વિપ નવ ખંડ રે ॥ મારી. ॥ ૫ ॥
ત્રણ્ય સ્વરૂપ પેદા કર્યાં રે ॥
બ્રહ્મા વિષ્ણુ મહેશ રે ॥ મારી. ॥ ૬ ॥
બ્રહ્મા ઘડે વિષ્ણુ પોસતા રે ॥
શીવજી કરે સંઘાર રે ॥ મારી. ॥ ૭ ॥
બ્રહ્મા રૂપે બ્રહ્માણી રે ॥
વિષ્ણુ કાલીનું સ્વરૂપ રે ॥ મારી. ॥ ૮ ॥
શીવ અર્ધ અંગે ઉમયાજી રે ॥
એવા ઘડીયા છે ત્રણ્ય સ્વરૂપ રે ॥ મારી. ॥ ૯ ॥
માર્કંડે મહાતમ ભાખીયું રે ॥
અમર કીધો અવતાર રે ॥ મારી. ॥ ૧૦ ॥
સુર તણી વારેં ચડ્યા રે ॥
દૈત્યનો કર્યો સંહાર રે ॥ મારી. ॥ ૧૧ ॥

વલ્લભની રસનાયેં વસાં રે ॥
તેણે કીધી કવિતાય રે ॥ મારી. ॥ ૧૨ ॥
જે તુજનેં જે વરણવે રે ॥
બરદાલી બૌચર માચ રે ॥ મારી. ॥ ૧૩ ॥
ક્રીપા કીધી કલીકાલમાં રે ॥
ઓધારચો તારો દાસ રે ॥ મારી. ॥ ૧૪ ॥
કૃષ્ણ કુવર એક દીકરી રે ॥
મેરીનો કીધો મરદ રે ॥ મારી. ॥ ૧૫ ॥
આવ્યો અસુર મહા કોપતો રે ॥
કાં ગઈ બૌચર બાઈ રે ॥ મારી. ॥ ૧૬ ॥
ભક્ષ કરવાને મરઘો હણ્યો રે ॥
સુતો સુખે ખાઈ રે ॥ મારી. ॥ ૧૭ ॥
પરભાતેં પંખી બોલીયા રે ॥
અન્યો અન્ય ઉચ્ચાર રે ॥ મારી. ॥ ૧૮ ॥
ઉદર વેધીને નીસરો રે ॥
બૌચર કરતો બકોર રે ॥ મારી. ॥ ૧૯ ॥
કટક કુલડીયે જમાડીયું રે ॥
કોય ન પામે પાર રે ॥ મારી. ॥ ૨૦ ॥
ભલે બીરાજો બૌચરા રે ॥
નોધારાં ઓધાર રે ॥ મારી. ॥ ૨૧ ॥
ભલે વસાં ભરત ખંડમાં રે ॥

કરવા સેવકનાં કામ રે ।। મારી. ।। ૨૨ ।।
બળીયો હાક્યમ બૌચરા રે ।।
સુબા કરે સલામ રે ।। મારી. ।। ૨૩ ।।
કે હરગોવિંદ કરગરી રે ।।
ભટ્ટ વલ્લભનો સૂત રે ।।
મારી બરદાલી બૌચર માવડી રે ।। ૨૪ ।।

## (૧૨) મહાદેવીનો ગરબો

મહાદેવા તે દરસન દીજીયેં ।।
સેવકની કરજો સાચ રે ।। મહા. ।। ૧ ।।
મહા વીશ ભુજા અતિ વિસ્તરા રે ।।
આયુધ ધનુષ અપાર રે ।। મહા. ।। ૨ ।।
માનેં સીંહ વાહન અતિ શોભતાં ।।
મહિષાસુરનું મોટુ માન રે ।। મહા. ।। ૩ ।।
માને મસ્તક મુકટ સોહામણા ।।
માનેં કુંડલ ઝલકે કાનમાં જી ।। મહા. ।। ૪ ।।
માનેં કાનેં નકવેસર શોભતું ।।
માને ટીલડી તપે લેલાડ મા જી ।।
દેવ્યા દરશાન દીજીયે ।। દેવ્યા. ।। ૫ ।।
માનેં કંઠે કટેસરી શોભતી ।।
માનેં ઝુમણું ઝાંકઝમાળ માજી ।। દેવ્યા. ।। ૬ ।।

માનેં બાયેં બાજુબંધ બેરખા ॥
માનેં પુંચી જડિત્ર જડાવ્ય માજી ॥ દેવ્યા. ॥ ૭ ॥
માનેં ચોલ રંગીલી ચુંદડી ॥
ફરતી દીસે કસબીકોર માજી ॥ દેવ્યા. ॥ ૮ ॥
માનેં કસુંબલ કંચવો ॥
માંહી ભમરીયાળી ભાત માજી ॥ દેવ્યા. ॥ ૯ ॥
માને ચરણો ચંપક ભાતનો ॥
ફરતી ઘુઘરીનો ઘમકાર માજી ॥ દેવ્યા. ॥ ૧૦ ॥
માનેં પાયેં તે વેંછીયા વાજણા ॥
માનેં ઝાઝરનો ઝમકાર માજી ॥ દેવ્યા. ॥ ૧૧ ॥
મા ગાય શીખે જે સાંભળે ॥
કહે વલ્લભ વૈકુંઠ વાસ માજી ॥
દેવ્યા તે દરશન દીજીયે ॥ ૧૨ ॥

## (૧૩) અંબાજીનાં શણગારનો ગરબો

શંભુ સૂત સ્વામીને ચરણે નમું રે લોલ ॥
અલ્પ બુદ્ધિ મારી તે ગુણ શા કહું રે લોલ ॥ ૧ ॥
આદ્ય સુંદરી જાણું તે એક ઈશ્વરી રે લોલ ॥
તે તો ચાચર રંબવાને અંબા નિસરી રે લોલ ॥ ૨ ॥
ઘાટ ઘરાંણાં સજયાં છે સોળ સાંમટા રે લોલ ॥

દૂર દેશથી આવ્યા તે ઠામોઠામથી રે લોલ ॥ ૩ ॥
બાલા સુંદરી બિરાજે બાલા વેશમાં રે લોલ ॥
તેલ ફુલેલ ઘાલ્યું છે કાળા કેશમાં રે લોલ ॥ ૪ ॥
વેંણ વિશેંકેં શોહાવે પદ્મનાગણી રે લોલ ॥
છો રાગનેં જાણું તે છત્રીસ રાગણી રે લોલ ॥ ૫ ॥
ગાઠો ગોફણો ધમકે તે ઘુઘરી ઘણી રે લોલ ॥
છબી શી તે વખાણું અંબાજી તણી રે લોલ ॥ ૬ ॥
અંબા અલબેલી દિસે છે વર્ષ સોળમાં રે લોલ ॥
ચોડ્યા ચોખલા ને ટીલડી કપોલમાં રે લોલ ॥ ૭ ॥
માણ્યક મોઘરા સોહાવે સોના સાંકળી રે લોલ ॥ ૮ ॥
વળી વેડલા વિશાલ દિશે કાનમાં રે લોલ ॥
નીચી કેડ્યથી નમીને ગાય ગાનમાં રે લોલ ॥
લટક લાડવો પાડ્યો છે ગોરા ગાલમાં રે લોલ ॥
સિંથો સીંદુરેં ભર્યો છે રંગ લાલમાં રે લોલ ॥ ૧૦ ॥
સારૂં સિધોડું સોહાવે સોના આંખડી રે લોલ ॥
સારા ઘાટની ઘાલી છે વાળી વાંકડી રે લોાલ ॥ ૧૧ ॥
ત્રબક ત્રાજવુ પાડું છે હોઠ હેઠમાં રે લોલ ॥
કમર પાટિસું કટાર બાંધો ભેટમાં રે લોલ ॥૧૨ ॥
કંઠ કટાસરિનેં બાંધ્યું એક દાંણીયુ રે લોલ ॥
પગ પાતલાનેં પેરી દશે વાળીયું રે લોલ ॥ ૧૩ ॥
દાંત જડાવ્યા જાણું તે હેમરેખમાં રે લોલ ॥

ઝટક ઝુંમણું ઝબુકે અવલટેકમાં રે લોલ ॥ ૧૪ ॥
ચીણ માલા વિશે કેં હાર હેમનો રે લોલ ॥
હાથ પ્યાલ્યો ભર્યો છે મધુ પ્રેમનો રે લોલ ॥ ૧૫ ॥
તારૂ સતીયુ મોટું તેરમેરૂમાંન લોલ ॥
જાણી ઝબકે છે વિજળી ઈશાનમાં રે લોલ ॥૧૬ ॥
વેઢ વાંકડાને વિટિ છલા આરસી રે લોલ ॥
ધ્યાન ધરીનેં બેઠા છે મોટા મહાઋષિ રે લોલ ॥ ૧૭ ॥
બાંહે બાજુબંધ લે કે ચુડી સાંકડી રે લોલ ॥
કનક કંચવો પેર્યો ને ઉપરચ કંકણી રે લોલ ॥ ૧૮ ॥
કાંબી કડલાં પેર્યા છે ઘોલ ઘાટનાં રે લોલ ॥
સારો ઘાટ તે સુધાર ઘાટ ઠાઠનાં રે લોલ ॥ ૧૯ ॥
અણવટ વીછીયા ઘુઘરા તે ઘાટ ઘેરના રે લોલ ॥
ઝાંઝર ઝમકે નેં તોડા દિસે ફેરનારે લોલ ॥ ૨૦ ॥
કટિ કેસરી જાણું તે અતિ પાતલી રે લોલ ॥
પગ પાનિયું દિશે છે રંગ રાતડી રે લોલ ॥ ૨૧ ॥
ચટક ચુંદડી ઓઢી છે રંગછાપની રે લોલ ॥
કશબ બુટિયું ભરી છે કેનખાપની રે લોલ ॥ ૨૨ ॥
ઘેર ઘાઘરો ચોરાસી જોજન ફેરનો રે લોલ ॥
કાજુ કાંગરી દિસે છે સાચી કોરમાં રે લોલ ॥ ૨૩ ॥
સોળ શણગાર પેર્યા છે માંચે સામટા રે લોલ ॥
એક એકથી દિસે છે ઘણું ઓપતા રે લોલ ॥ ૨૪ ॥

શેષ નાગની આછી તે એંઢોણી કરી રે લોલ ॥
હેઠ ગાડલી કોરંમ ઘાટની ઘરી રે લોલ ॥ ૨૫ ॥
ગુણગંઠો કર્યો છે તનુ ટેકમાં રે લોલ ॥
ઠીક ઠરાવી લીધો છે વિવેકમાં રે લોલ ॥ ૨૬ ॥
પૃથ્વી પંચાસ ક્રોડનું કોડિયું કર્યું રે લોલ ॥
સાત સાયરનું નીર ઘૃત સું ભર્યું રે લોલ ॥ ૨૭ ॥
મધ્ય કાકડો  જડો છે મેરૂ હેમનો રે લોલ ॥
ગરબે ગ્રત તે પુરાય પૂરણ પ્રેમનો રે લોલ ॥ ૨૮ ॥
રમે રંગ થી નેં તાલી પાડે હેતથી રે લોલ ॥
ઉર ઉપર્યે તેં હાર પુષ્પ કેતકી રે લોલ ॥ ૨૯ ॥
કનક ડાંડીયા દિસે છે જોડ્ય હાથમાં રે લોલ ॥
ફેર કુદડી ફરે છે સૈયર સાથમાં રે લોલ ॥ ૩૦ ॥
ધૂન્ય ધ્રબકે આકાશ ધૂન્ય ગાજતી રે લોલ ॥
ચૌદ બ્રભાંડમાં અંબિકા બીરાજતી રે લોલ ॥ ૩૧ ॥
દૈત્ય પડછંદે પાડ્યા ને ડુંગરે ચડ્યા રે લોલ ॥
અંબા અલબેલી જુવે તે નજરેં પડા રે લોલ ॥ ૩૨ ॥
ધુમ્રગાત્ર ચડાવ્યું રોમ રીસમાં રે લોલ ॥
ચક્ર ફેરવીને મુક્યું દૈત્ય શીશમાં રે લોલ ॥ ૩૩ ॥
દૈત્ય ડુંગરે પછાડા ઝાલી ચોટિયું રે લોલ ॥
ચોસઠ જોગણી મળી છે નાની મોટીયું રે લોલ ॥૩૪ ॥
દૈત્ય મહિષાસુર માર્યો તે મહા પાપીયો રે લોલ ॥

મૂઢ કાલીદાસનેં તે કવિ થાપિયો રે લોલ ।। ૩૫ ।।
એવું જાણીને અંબાને આરાધસે રે લોલ ।।
સુખ સંપત્યનેં રીધ સીધ આપશે રે લોલ ।। ૩૬ ।।
સંવત્ અઢાર છત્રીસ શ્રાવણ સાર છે રે લોલ ।।
તિથિ અમાવાસ્યાનેં ગુરૂવાર છે રે લોલ ।। ૩૭ ।।
સેહેર સાયલા સેસમાલજીના રાજયમાં રે લોલ ।।
નાગર ભવાની ત્રિકમજી કામકાજમાં રે લોલ ।। ૩૮ ।।
તે તો અષ્ટવિધાની ચતુરા ઘણી રે લોલ ।।
તે દિ ગુણ ગાયા તે અંબાજી તણા રે લોલ ।। ૩૯ ।।
અંબા આરાધે તેનેં તે અંબા સાચ છે રે લોલ ।।
મોઢ ચાચરવેદિ હરીગુણ ગાય છે રે લોલ ।। ૪૦ ।।

## (૧૪) અંબિકાજીનો ગરબો

જે કોઈ અંબિકાજી માતને આરાધશે રે લોલ ।।
તીનાં પુત્ર પરિવાર જશ વાધસે રે લોલ ।। ૧ ।।
અંબા આપે તે સુખ સંસારનાં રે લોલ ।।
માજુ દુખડા ભાગે તે ભવ તારનાં રે લોલ ।। ૨ ।।
મારી અંબામાનાં લોચન સોહામણા રે લોલ ।।
માનેં પૂજીયેં ને નિત્ય લઈએ ભાંમણા રે લોલ ।। ૩ ।।

માની કોટ સુરજ જેવી ઝળહળે રે લોલ ॥
માનેં પૂજીયેં ને ઘૃતનાં દીવા બળે રે લોલ ॥ ૪ ॥
એવી કુટડી નહીં તે નવખંડમાં રે લોલ ॥
અંબા જાગતી તે ચૌદ બ્રહ્માંડમાં રે લોલ ॥ ૫ ॥
માનેં આરાધે છે મુનિવર દેવતા રે લોલ ॥
માનાં ચરણ પૂજીને સદા સેવતા રે લોલ ॥ ૬ ॥
અંબા ગરબે રમવાનેં પોતે નીસરા રે લોલ ॥ ૭ ॥
ત્રીપુરા સુંદરીને કાલકાજી આવીયા રે લોલ ॥
તેને અંબાજીયેં મોતીડે વધાવીયા રે લોલ ॥ ૮ ॥
આવ્યાં તુલજાને બૌચરાજી તોતલા રે લોલ ॥
કેશ છુટાનેં ફુલ ભર્યા ચોટલા રે લોલ ॥ ૯ ॥
આવ્યાં ઉરવશીનેં મેનકા પીતાંબરા રે લોલ ॥
તીમાં કુટરી તેં ઈંદ્ર કેરી અપસરા રે લોલ ॥ ૧૦ ॥
આવ્યાં ગોપિકા નેં રાધિકાનેં સરસ્વતી રે લોલ ॥
સાથે ઉમિયા સતી ને કામની રતિ રે લોલ ॥ ૧૧ ॥
આવ્યાં ચંડિકાનેં ચોસઠ જોગણી રે લોલ ॥
તે તો કંદ્રપકલા તણી છે ભોગણી રે લોલ ॥ ૧૨ ॥
આવ્યાં લક્ષ્મીજી ને માત ભુવનેશ્વરી રે લોલ ॥
હાથ કુમકુમ કેસરની થાલી ભરી રે લોલ ॥ ૧૩ ॥
સહુ કો અંબિકાને ચાચર આવીયા રે લોલ ॥
મારી અંબીકાજીયેં મોતીડે વધાવીયા રે લોલ ॥ ૧૪ ॥

રાતી રંગની ઓઢી છે માચે ચુંદડી રે લોલ ॥
મતવાલી થઈ ને ફરે કુદડી રે લોલ ॥ ૧૫ ॥
હાથ ફુલનાં દડાને મહોમાં રમે રે લોલ ॥
છંદ કેવા માંડયા ને માતને ગમે રે લોલ ॥ ૧૬ ॥
માની કેડ કમલ કેરી પાંખડી રે લોલ ॥
નેણ ઘેરાંણાં ને રાતી ચટક અંખડી રે લોલ ॥ ૧૭ ॥
કેસર કસ્તુરી બીરાજે માનેં છાંટણે રે લોલ ॥
વેણ છુટીને કંઠ ઘરેણાં ઘણાં રે લોલ ॥ ૧૮ ॥
હાથ પ્યાલ્યા ભરાં છે મધુપાનના રે લોલ ॥
લોચન ફેરવે નેં ચાળા કરે તાંનના રે લોલ ॥ ૧૯ ॥
પાન ચાવે નેં માંહોમાં છાંટિ ભરે રે લોલ ॥
ગરબો રમવા માંડુ તે માતને ગમે રે લોલ ॥ ૨૦ ॥
ચુડી ખલકે નેં હાથ રસડાંડીયા રે લોલ ॥
એવા નિત્ય ખેલ માચેં માંડીયા રે લોલ ॥ ૨૧ ॥
સહુ ઘાલ્યાં ચંબેલી કેરા હારડા રે લોલ ॥
વચે વાવ્યા કેસર કેરા ચારડા રે લોલ ॥ ૨૨ ॥
માની ભૃકુટિ રહી છે અભિમાન માં રે લોલ ॥
દૈત્ય ઉડાડી નાખ્યાં છે એક તાનમાં રે લોલ ॥ ૨૩ ॥
વાજા વાગે મૃદંગને ભેરડી રે લોલ ॥
ઢોલ કાશીયાનેં તાલ મ્રદંગ ફેરડી રે લોલ ॥ ૨૪ ॥
ગરબો જોવા આવ્યા છે મહાદેવજી રે લોલ ॥

ગંગા જોવા આવ્યા તે કાશી થકિં રે લોલ ॥ ૨૫ ॥
સ્વર્ગ મુંકીને દેવ સર્વે આવિયા રે લોલ ॥
તે તો સહસ્ત્ર અઠાસીનેં મન ભાવીયા રે લોલ ॥ ૨૬ ॥
વિષ્ણુ વૈકુંઠ તજીને જોવા આવીયા રે લોલ ॥
પુષ્પ ચોખલેને મોતીડે વધાવીયા રે લોલ ॥ ૨૭ ॥
બાર મેઘ આવ્યા તે અમી વરસતા રે લોલ ॥
સરવ દેવતા માંહિ તે ઘણુ સરસતા રે લોલ ॥ ૨૮ ॥
જોવા આવી પાતાલ કેરી નાગણી રે લોલ ॥
તીમાં કુટડી તે રૂપ વરરાગણી રે લોલ ॥ ૨૯ ॥
બાર સૂર્ય આવ્યા છે રાંદલ સાથ સું રે લોલ ॥
જોવા રોહણી આવ્યા તે ચંદ્ર સાથ સું રે લોલ ॥ ૩૦ ॥
બ્રહ્મા આવ્યા છે વેદ ચારે લહી રે લોલ ॥
સરવ દેવતા વધાવે ઉભા થઈ રે લોલ ॥ ૩૧ ॥
કામધેન આવીને ચમરી કરે રે લોલ ॥
છત્ર હેમનું તે માતને સીરે ઢળે રે લોલ ॥ ૩૨ ॥
સૂર્ય ચંદ્રમાં જેવા અકોટા કાનમાં રે લોલ ॥
નિત્ય આવે સેવક કેરા ધ્યાનમાં રે લોલ ॥ ૩૩ ॥
માનેં ઉપાસેં તે ઉપરે અમી ઝરે રે લોલ ॥
અંબા પૂજી નહીં તે મસાંણે પડે રે લોલ ॥ ૩૪ ॥
માને પૂજે નહીં તે દેવે ડંડીયા રે લોલ ॥
માને આરાધે નહી તે ખરા ગંડીયા રે લોલ ॥ ૩૫ ॥

ગરબો શીખે સુણે ને જે કોય સાંભળે રે લોલ ॥
તેને વૈકુંઠ અંબાજી સેજે મલે રે લોલ ॥ ૩૬ ॥
માનેં નાથ ભવાની વાણી વદે રે લોલ ॥
સદા રેજો અંબાજી મારે રૂદે રે લોલ ॥ ૩૭ ॥

## (૧૫) કળીયુગનો ગરબો

સરસ્વત સ્વામીને વિનવું હો બૌચરી ॥
ગુણપત્ય લાગું પાય ॥
દીન જાણીને દયા કરો હો ॥ બૌચરી ॥
વાણી આપો માય ॥ ૧ ॥
વલ્લભ સેવક તાહરો હો બૌચરી ॥
દયા તેસે નવ જાંણ ॥
ઢોરે માણસે રક્ષા કો હો બૌચરી ॥
આઈ કરે કલ્યાણ ॥ ૨ ॥
અક્ષર ગાવા તાહરા હો બૌચરી ॥
મનમાં અતી ઘણો કોડ ॥
વલ્લભ ધોળાભાઈની બૌચરી ॥
અવિચલ રાખજો જોડ્ય ॥ ૩ ॥
પરમેશ્વરીનેં પાયે નમું હો બૌચરી ॥

કહું કુલીનાં કર્મ ॥
અકલ નથી કાંઈ એવડી હો બૌચરી ॥
શક્તિ રાખજો શરણ ॥ ૪ ॥
જીવનું જીવન તું જડી હો બૌચરી ॥
મુરખ ન લહે મર્મ ॥
અવતારી તેં આ ઘડી હો બૌચરી ॥
આઈજી રાખજો ધર્મ ॥ ૫ ॥
આગળ્ય દુખ દેખાડીયું હો બૌચરી ॥
જનમીનેં કીધો જોષ ॥
સમે તે સંપડાવીયું હો બૌચરી ॥
ગુણવંત કીધા ગોખ ॥ ૬ ॥
હવે હૈયું નથી ચાલતું હો બૌચરી ॥
કઠણ આવ્યો કળીકાળ ॥
તુજ વીના કોય નથી આલતુ હો બૌચરી ॥
પ્રજા થઈ પંડપાલ ॥ ૭ ॥
કલિયુગ આવ્યો કોપતો હો બૌચરી ॥
કરવા સરવ સંહાર ॥
લાજ મરજાદ લોપતો હો બૌચરી ॥
ભ્રષ્ટ કીધો આચાર ॥ ૮ ॥
દુર મત્ય દીધી દેશમાં હો બૌચરી ॥
સુમત્ય કરાવી ત્યાગ ॥

વિપત્ય પડાવી વિશ્વમાં હો બૌચરી ॥
કુલી કરે છે રાજ ॥ ૯ ॥
પ્રથમ પાંણ વરસાવિયા હો બૌચરી ॥
પ્રથ્વિ પછેં ડબોઈ॥
કાલ અકાલે આવીયા હો બૌચરી ॥
પ્રજા ન પ્રીછે કોઈ॥ ૧૦ ॥
કુમારગેં સહુ ઉલટ્યા હો બૌચરી ॥
તજી સુમારગ પંથ ॥
કર્યા કરમ કલિયેં ઘણા હો બૌચરી ॥
અરેન આવ્યો અંત ॥ ૧૧ ॥
માહાજન મોટાં માહેશ્વરી હો બૌચરી ॥
માની બધ માનદ ॥
ત્રુઠા દેખી તપેશ્વરી હો બૌચરી ॥
જાત્ય ન જાણેં અંત ॥ ૧૨ ॥
ગૌ બ્રાહ્મણની સેવા તજી હો બૌચરી ॥
જોગી જતિ નેં ધાય ॥
હાંણ્ય હોય તે નવ લહે હો બૌચરી ॥
લક્ષ્મી લેરે જાય ॥ ૧૩ ॥
કથા સાંભળે કુપાત્રની હો બૌચરી ॥
ગમે ગરૂના જોષ ॥
જાત્રા તજીનેં જોણુ જુવે હો બૌચરી ॥

મનમાં નિર્મલ દોષ ॥ ૧૪ ॥
ઉંચ નીચ એકઠાં મળી હો બૌચરી ॥
બેસે મધ્ય એકાન્ત્ય ॥
મા તેણે મન નિરમલી હો બૌચરી ॥
જાંણી ન આંણે અંભ્રાંત ॥ ૧૫ ॥
હીદુ તરકમાં એહવિ હો બૌચરી ॥
સમઝા સારો ધાર ॥
જાત્ય ન જાણે જુજવી હો બૌચરી ॥
વરત્યો એકાકાર ॥ ૧૬ ॥
ધર્મ ગયું ધરણી ધસી હો બૌચરી ॥
પુન્ય ગયું પાતાલ ॥
પાપ રચું સઘળે વસી હો બૌચરી ॥
નર નારી વરધ બાલ ॥ ૧૭ ॥
દયા તે દેવલોકે ગઈ હો બૌચરી ॥
દિસે નહીં લવલેશ ॥
કુડા તે કર્મ કહે કહી હો બૌચરી ॥
અવર ન દે ઉપદેશ ॥ ૧૮ ॥
સત્ય રહ્યું સંતાઈને હો બૌચરી ॥
સુઝે નહીં પલ માત્ર ॥
ઘટમાં રહ્યું ઘટાઈનેં હો બૌચરી ॥
વધ્યું વાલામાં વેર ॥

અવિલોક્યું આ વર્ષમાં હો બૌચરી ॥
કલી કરાવે કેર ॥ ૨૦ ॥
પ્રિતની રિત્ય બાધે ઘટી હો બૌચરી ॥
સ્વારથ થયો સનેહ ॥
માયા મનમાંથી ઘટી હો બૌચરી ॥
દગો દે છે તેહ ॥ ૨૧ ॥
વિભિચારી વાધ્યા ઘણાં હો બૌચરી ॥
કુલિમાં ન ગણું કોય ॥
નાઠા માન મુકી મણા હો બૌચરી ॥
હદય હલાહલ હોય ॥ ૨૨ ॥
કુલવધુ કુટિલતા થઈ હો બૌચરી ॥
ગણે નહીં ગુરૂ જન લાજ ॥
પઈષે પરપુરષે ગઈ હો બૌચરી ॥
પ્રગટ દેખતાં આજ ॥ ૨૩ ॥
અણઘટતું અવિલોકિયે હો બૌચરી ॥
ઘટતે ઘટતું સર્વ ॥
કિમ કરી કોને ટોકીયેં હો બૌચરી ॥
પ્રજા પુરવનું મર્વ ॥ ૨૪ ॥
લક્ષણ લઘુતામાં વધે હો બૌચરી ॥
તુચ્છ તરૂફલ થાય ॥
નદીયેં નીર ઘટયાં ઘણા હો બૌચરી ॥

આયષ અલ્પ ઉપાય ॥ ૨૫ ॥
સંવત સતર સતાસીયેં હો બૌચરી ॥
સૃષ્ટિ તજાવ્યાં તન ॥
અકળાવ્યાં અતિ ઘણા હો બૌચરી ॥
વિઘ વિઘ પાડી વિપત્ય ॥ ૨૬ ॥
અકરા કેર અતિ સેં થયો હો બૌચરી ॥
દુર્બલ દીસે દેહ ॥ ૨૭ ॥
વિત્ત વુણી વસુધા કરી હો બૌચરી ॥
રસ કસ રાખ્યો રેસ ॥
અમ્રી કે અલગી ધરી હો બૌચરી ॥
સ્વાદ પાંમીયો શેષ ॥ ૨૮ ॥
અન્ન અતિ સેં મુંઘા થયા હો બૌચરી ॥
અધરમ વાધ્યો સાધ ॥
કોય કોયની કરણી જુવે હો બૌચરી ॥
એક એકથી અસાધ ॥ ૨૯ ॥
ઉદર થકી ઉપજાવ્યા હો બૌચરી ॥
ઉભે તણો એ અંશ ॥
તેણેં પેટ તજાવીયા હો બૌચરી ॥
વિક્રે વરાવ્યો વંશ ॥ ૩૦ ॥
નીરમલ મન જનુની કરો હો બૌચરી ॥
એહ અધિક ઉતપાત ॥

વિશ્વ બધામાં વિસ્તર્યું હો બૌચરી ॥
વિશ્વાસી તે ઘાત ॥ ૩૧ ॥
આપી થાપણ ઓળવે હો બૌચરી ॥
જુઠા ખાયે સમ ॥
ભરમે ભુલાવીને ભોળવે હો બૌચરી ॥
જે થાયે કુડા કર્મ ॥ ૩૨ ॥
આપી સુક્રિત આપનું હો બૌચરી ॥
લક્ષ્મીયે લલચાય ॥
જે ધન જોડયું પાપનું હો બૌચરી ॥
તે ધન કયમ્ વવરાય ॥ ૩૩ ॥
જે હાકેમ રક્ષા કરે હો બૌચરી ॥
આ તે હાકેમ હાડ ॥
અવળું આ જુગમાં આચર્યું હો બૌચરી ॥
ખેતર ખાયે વાડ ॥ ૩૪ ॥
ચોર ચાડીયા અતિ ઘણા હો બૌચરી ॥
નગર થયું નિરધન ॥
ત્રાય ત્રાય ની તાલી પડે હો બૌચરી ॥
રાત્ય દિવસ અનુદિન ॥ ૩૫ ॥
માણસ મુવાં ઘણા જાણીયા હો બૌચરી ॥
પરખે નહીં પાર ॥
કૈં મંદિર ખાલી થયા હો બૌચરી ॥

ભોમ સહે કયમ ભાર ॥ ૩૬ ॥
દેહ ધારી દુઃખી થયા હો બૌચરી ॥
થયા કષ્ટે વન વન ॥ ૩૭ ॥
છલ છલ ભેદન છુટિયે હો બૌચરી ॥
રચીયો બહું પરપંચ ॥
ખોટા માનુષ ખુટિયા હો બૌચરી ॥
ખરૂ ન રાખ્યું મન ॥ ૩૮ ॥
વાંક વિધાતાનો નથી હો બૌચરી ॥
વાવીયું તે લણાય ॥
આપે ન જાણ્યું આપથી હો બૌચરી ॥
ભુંડે ભલું નવ થાય ॥ ૩૯ ॥
દેહીધારી દીઠું નહીં હો બૌચરી ॥
આ દુઃખ દુનિયા માંય ॥
પાપ પ્રજાનું બહું મળ્યું હો બૌચરી ॥
કો જઈ કૈયે કાય ॥ ૪૦ ॥
ભુતલ ભુદેવનું ગયું હો બૌચરી ॥
સુરપુર કર્યું પ્રયાંણ ॥
હાજરા હજુર તું ઈશ્વરી હો બૌચરી ॥
પુરૂષ તમારૂ પુરાણ ॥ ૪૧ ॥
અપલક્ષણ આ વારમાં હો બૌચરી ॥
લોકે વાળી લીક ॥

અરજ એ અવતારમાં હો બૌચરી ॥
બૌચર ભાંગે ભીડ ॥ ૪૨ ॥
ઈન્દ્ર આદ્યેં બધ દેવતા હો બૌચરી ॥
કૈં કૈં કાપ્યાં કષ્ટ ॥
નિર મોભે ગયા નેવાનાં હો બૌચરી ॥
શક્તિ રાખજો શ્રષ્ટ ॥ ૪૩ ॥
મહાકાલી મહાકાલમાં હો બૌચરી ॥
સૌની કરજો સાર ॥
તે બળ બૌચરમાતમાં હો બૌચરી ॥
ઉગારો આ વાર ॥ ૪૪ ॥
હદ વળી હવે સું જુવો હો બૌચરી ॥
પૂણ્યેં પાપ ઠેલાય ॥
કોઈક સાધનને સતે હો બૌચરી ॥
સંખલપુરથી જાગ ॥ ૪૫ ॥
છેક વળી છે તું છતા હો બૌચરી ॥
ઓલવ બળતી આગ ॥ ૪૬ ॥
વછ કરો ત્રિપુરેશ્વરી હો બૌચરી ॥
તમેં તે સામુ જોય ॥
પ્રીત કરો પરમેશ્વરી હો બૌચરી ॥
ખરી ખણ મન ખોઈ ॥ ૪૭ ॥
સરજાડાં સર્વ શકતનાં હો બૌચરી ॥

સુરીનર જાણેં તેહ ॥
છો જનેતા જગતનાં હો બૌચરી ॥
છોરૂ ન દીજે છેહ ॥ ૪૮ ॥
ઉછેરીનેં આછેદીયેં હો બૌચરી ॥
જો કુલ પ્રજાનું પેટ ॥
વિષમ વેળામાં વેઠિયેં હો બૌચરી ॥
મા નહીં છુટો તેહ ॥ ૪૯ ॥
ઘણી થઈ થોડી રહી હો બૌચરી ॥
તેમાં નિત્ય ઘટાય ॥
બોલીયેં નહીં બાંહે ગ્રહી હો બૌચરી ॥
પાર કરો માતાય ॥ ૫૦ ॥
પાળો તાં લગી પોષીયે હોં બૌચરી ॥
પછેં તેનેં ન જણાય ॥
સમરથ પણે સંતોષીયે હો બૌચરી ॥
મેર કરો મહ માય ॥ ૫૧ ॥
નજર કરીને નવાજીયેં હો બૌચરી ॥
નાગર કરો સરદાર ॥
વેશ્વાસેં આવાસિયેં હો બૌચરી ॥
પારા સઈ નદિ પાર ॥ ૫૨ ॥
મોં માગ્યા મેં મોકલો હો બૌચરી ॥
કરૂણા કીજે કોટ ॥ ૫૩ ॥

કામદુર્ગા થઈ દુઝીયે હો બૌચરી ॥
સુખ પામે સંસાર ॥
સમ ખાધામાં સુઝીયે હો બૌચરી ॥
નોંધારા ઓધાર ॥ ૫૪ ॥
ભુતલ ભુરનેં દીજીયે હો બૌચરી ॥
ભાત્ય ભાત્યનાં ભોગ ॥
લાડ લડાવી લીજીયેં હો બૌચરી ॥
વાલાં ટળે વિજોગ ॥ ૫૫ ॥
આઈ અમી છાંટો નાખીયેં હો બૌચરી ॥
છોરૂં ગોરૂં ને ગામ ॥
ભગવતી ભવમાં ભાખીયે હો બૌચરી ॥
સર્યાં કરો કામ ॥ ૫૬ ॥
તે વાસીયેં નારાયણી હો બૌચરી ॥
ઘેર ઘેર દયો નવ નિધ્ય ॥
દેવી સદા સુખ દાયની હો બૌચરી ॥
પરમેશ્વરી પરસીધ ॥ ૫૭ ॥
ગરબો સુણીં કુલીકાલ નો હો બૌચરી ॥
યથા શક્તિ દે દાન ॥
પરચો માનાં નામનો હો બૌચરી ॥
પામેં ધન સંતાન ॥ ૫૮ ॥
વર્ણ અધિકાર વેદમાં હો બૌચરી ॥
ત્રિપુરે ન તજે ટેક ॥

ઉચરૂં અધિક ઉમેદમાં હો બૌચરી ॥
ભગવતી બ્રાહ્મણ એક ॥ ૫૯ ॥
તમે છો ત્રિભોવન ધણી હો બૌચરી ॥
સુર સુરા સમાંન ॥
વલ્લભ ગુલામની વિનતી હો બૌચરી ॥
બહુચર સુણજો કાંન ॥ ૬૦ ॥

## (૧૬) જાણ્યું જાણ્યું હેત તમારૂ.....

જાણ્યું જાણ્યું હેત તમારૂ જાદવા રે લોલ ॥
હેત હોય તો હૈડામાં વરતાય જો ॥
અમેં તમારી આંખડીયે અળખાંમણા રે લોલ ॥
સું શામળીયા શતભામા સું કામ જો ॥ જણ્યું જાણ્યું ॥ ૧ ॥
પરજાચકનું ઝાડ પ્રભુજી લાવીયા રે લોલ ॥
જૈ સોપ્યું રાણી રૂખમણી દરબાર જો ॥
એકેં પાંખલડી મારે મંદિર નવ મોકલી રે લોલ ॥
કીધી એને સૌથી પટરાણી નાર જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૨ ॥
ચરણા ચીર ઉતાર્યાં ચોળી ચુંદળી રે લોલ ॥
ઉર થકી ઉતાર્યો નવસર હાર જો ॥
કડલાંને કાંબી રે ટોટી ડાંમણી રે લોલ ॥

સર્વ સંભારી લેજો નંદકુમાર જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૩ ॥
ઉતાર્યાં આભરણ રે સર્વે અંગ થકી રે લોલ ॥
લો શામળીયા તમારો શણગાર જો ॥
મારા રે પીયરની રાખું ઓઢણી રે લોલ ॥
બીજું સુંપો માનેતિને મોલ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૪ ॥
નારદજી કહે શતભામા સાંભળો રે લોલ ॥
એ નિર્લજ્જનેં નથી કોયનું કામ જો ॥
કાલા નેં વાલા કરતો આવશે રે લોલ ॥
મોટા કુલની મુકશોમાં માંમ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૫ ॥
આગળથી નવ જાણ્યું મેં તો એવડું રે લોલ ॥
ઘરથી ન જાણ્યો ધૂતારાનો ઢંગ જો ॥
બાલપણાની પ્રીત્યું મારિ પાલટી રે લોલ ॥
એ નિર્લજ્જનેં સાંનો દીજેં દોષ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૬ ॥
અચરતનેં પામ્યાં રે આનંદ ઉપનો રે લોલ ॥
કે શતભામા કિનેં ચડાવ્યાં ભેર જો ॥
ધૂતારા નારદનાં કેણ ન માનીયેં રે લોલ ॥
તું પટરાણી સાંને કીજે વેર જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૭ ॥
ધૂતારાની વાતું ઘર થકી જાંણીયે રે લોલ ॥
પ્રીત કરીને પરવશ કીધા પ્રાણ જો ॥
કાલજડાં કોરીનેં ભીતર ભેદીયાં રે લોલ ॥
મીટલડીમાં મોહનાં બાણ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૮ ॥

અલગારી અલબેલા મુંને અડશો નહીં રે લોલ ॥
જાવો જાવો જાચો નહીં બોલું સુંદીર શ્યામ જો ॥
રૂખમણીનેં મોલે જૈને રંગે રમો રે લોલ ॥
હવે તમારે અમ સાથે સું કામ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૯ ॥
એવાં રે વચન રે સતિ નવ બોલીચે રે લોલ ॥
કો શતભામા ખાંઉ તમ આગળ સમ જો ॥
કાલુડા નાગનેં આપુ આંગળી રે લોલ ॥
તોય તમારૂં ક્યમ નવ માને મન જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૦ ॥
પૂરણ પાપ મલ્યાં રે એ અબલાં તણા રે લોલ ॥
જીનો પરણ્યો પારકે ઘેર જાય જો ॥
અબોલડા લીધા રે બાલા વેશનાં રે લોલ ॥
તે નારીનું જોબન ઝોલા ખાય જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૧ ॥
પ્રીત કરી પરહરવી નો'તી પાધરી રે લોલ ॥
થોડા દિ'માં આપ્યુ'તું સુખ જો ॥
સપનાની વાતું રે સપને વૈ ગઈ રે લોલ ॥
દેહલડીમાં પ્રગટ્યા દારૂણ દુઃખ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૨ ॥
એવા સું બોલો રે મેંણાં મુખ થકી રે લોલ ॥
ભોળા મનની રાખશો માં ભ્રાંત જો ॥
જે કો તે મગાવુ માગો મુખ થકી રે લોલ ॥
કો શતભામા સાંની તમારે ખાંત જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૩ ॥
દોષ કીનેં નવ દીજે દોષ કરમનો રે લોલ ॥

ક્યમ કરી કાંઢુ વિધાતાનો વાંક જો ॥
કાંમણિયાં કીધા રે મારા કંથને રે લોલ ॥
વેરણ સોકેં વાળ્યો આડો આંક જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૪ ॥
દલડાની વાતું રે ક્યમ કરી દાખીયે રે લોલ ॥
વેરી પીતાયેં સોધ્યાં પૂરણ વેર જો ॥
ઉછેરી આપ્યાં રે એના હાથમાં રે લોલ ॥
ગલસૂતીમાં ક્યમ નવ પાયું ઝેર જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૫ ॥
ધૂતારા નારદનાં કેણ ન માંનીયે રે લોલ ॥
નહિ શતભામા એહ તમારૂં કામ જો ॥
નારિ મત રાખો માં એવું સાંભળી રે લોલ ॥
એમ કરીને કેં છે સુંદર સાંમ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૬ ॥
સોકલડી કેરા વેણ જ સાંભળી રે લોલ ॥
નૈણા માંથી ચાલે છે જલધાર જો ॥
હૈડુ નવ ફાટે રે હરજી અમ તણું રે લોલ ॥
ઉર પર કાંઈ ઉઠયો મેઘકુમાર જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૫ ॥
મોહન કે શતભામા સુણો વિનતી રે લોલ ॥
કો તો માગવુ પરજાતિકનું ઝાડ જો ॥
આંગણીયે તમારે રોપાવું હેતથી રે લોલ ॥
કુલવંતિ તમે સીંને કીજે રાડ્ય જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૮ ॥
હેતે સુરિ તો આવ્યા આંગણે રે લોલ ॥
શતભામાનેં સૌ કો લાગે પાય જો ॥

દુધે મે ઉઠયા રે સૌ જે જે કહે રે લોલ ॥
ગીત ગાંનનેં ઉછવ આનંદ થાય જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૧૯ ॥
વાંજા બૌ વાગે રે વેણા વાસળી રે લોલ ॥
ભેર ભુંગલનેં વાજે મૃદંગ તાલ જો ॥
કેસર ને કસ્તુરી બેકે કેવડો રે લોલ ॥
ચૂવા ચંદન ઉડે અબિર ગુલાલ જો ॥ જાણ્યું જાણ્યું ॥ ૨૦ ॥
રૂસણું ગાયું રે રૂડી રીતસું રે લોલ ॥
શતભામાનાં મનાવ્યાં મન જો ॥
મીરાંનો સ્વામી રે મોલ પધારીયા રે લોલ ॥
શતભામાનું જીવત કર્યું ધન ધન્ય જો ॥॥ જાણ્યું જાણ્યું ॥ ૨૧ ॥

## (૧૭) મીઠાનો રાસ

સાંભલ સૈયળ વાતડી ચંદ્ર ચડો આકાશ ॥
તિનેં સમે હરિ આવિયા ॥
વનરાવનને ચોક ॥
મોરલીમાં વેદ વજાડીયા ॥
તે સુણીયાં ત્રૈલોકય ॥
અષ્ટ કુલ પર્વત ડોલીયા ॥
ડોલ્યા નવ કુલ નાગ ॥
મોર બાપૈયા બોલીયા ॥

સાંભળતા તે રાગ ॥
જાતા ને વળતા થંભીયા ॥
નદીયું કેરા નીર ॥
વચને બાલ વલંભીયા ॥
પીતા પીતા ખીર ॥
ખગ મૃગ ધ્યાન ધરી રચાં ॥
તરણ ન વંદે ગાય ॥
ઠામો ઠામ ઠરી રચાં ॥
તરણ ચાલો મુખ માય ॥
પવન રહ્યો મોરછાઈને ॥
મુનિવર ચુકયા ધ્યાન ॥
વળ ઉભો વળભાઈ ને ॥
વન ઉપર્ય વેમાન ॥
વાન વળ્યો વનવેલ નો ॥
પ્રગટ થયા ફલફૂલ ॥
લોઢ ઢળ્યો રંગ રેલ નો ॥
અવળા નીંસાં શુલ ॥
એ મોરલીનાં તાન માં ॥
વ્યાકુલ થઈ વ્રજનાર ॥
એક એક ની સાંનમાં ॥
હીંડી હારોહાર ॥

નાકે ઓગનિયા આંણીયા ॥
નેકુર આણ્યાં હાથ ॥
મોર શ્રવણે આણીયો ॥
કાંકણીયું પગ પાસ ॥
અવળાં આભરણ પેરીયા ॥
અવળાં પેરાં ચીર ॥
અવળાં ઓઢયા લેરીયાં ॥
ભૂલી સરવ શરીર ॥
એક એક આંજી આંખડી ॥
એક એક આંજયાં વેણ ॥
ધરિ હરી ઉપર ધાંખડી ॥
કરી હરિ મલવા મન ॥
મેલ્યાં પેઉં સૂત ભાતને ॥
મેલી નાત ને જાત ॥
મેલ્યાં છોરૂં ને વાછરૂં ॥
મેલ્યાં માતને તાત ॥
મેલ્યાં મંદિર માળીયા ॥
મેલ્યાં રાજ ને પાટ ॥
મેલ્યાં ગોખને જાળીયા ॥
લીધી વનની વાટ ॥
વન આવી વીનતા મલ્યાં ॥

લાગ્યાં હરિને પાય ॥
જાવ જાવોને પાછાં વળી ॥
ઈમ બોલ્યાં જદુરાય ॥
પેઉં સેવો પોતા તણો ॥
જે દીધાં જગધાર ॥
તે તમને સોહામણો ॥
હો પતિવ્રતા નાર ॥
પતિવ્રતા પ્રીછે નહીં ॥
ઘર મુકી વનવાસ ॥
આ શું કરમ કરો તમો ॥
અમને ચડાવો આળ ॥
અધ રાતે ઈચ્છે નહીં ॥
અવર પુરસની આશ ॥
ગાસેં લોક ગમા ગમી ॥
વાત થઈ વિકરાળ ॥
હો પાતલીચું જાડીચું ॥
કરો તમારા કાંમ ॥
સું આવો છો આડીચું ॥
સું કો નામ ને ઠામ ॥
ગત્ય મેલીને જે ફરે ॥
તેનો હું નહીં હુગરાગ ॥

મારે તમારો માનની ॥
કો કાંની ઓળખાણ ॥
વાત કરો છો તાં નહીં ॥
એ હસવામાં હાણ ॥
સું તમને હું સંગરૂ ॥
કો કાંઈ તમમાં પેરચ ॥
કર જોડીને કરગરૂ ॥
જાવને તમારે ઘેરચ ॥
એટલે અબલાં બોલીચા ॥
કયાં જાયેં કીરતાર ॥
નહીં ઘર નહીં ઘર ઘોલીચાં ॥
નહીં ઠરવાનો ઠામ ॥
તમ સારૂ અમેં તજીચાં ॥
સગા કટમ પરિવાર ॥
તો ચ તરછોડો કાં તમો ॥
હરિ હૈયાનો હાર ॥
રાસ રમડો રંગ માં ॥
નહીકર તજશું પ્રાણ ॥
વિઘન થાશે વિલાસમાં ॥
માત પિતાની આણ ॥
અલબેલાનું એટલે ॥

અંગ થયું ઉલ્લાસ ॥
તતબર થૈ ને તેટલે ॥
રંગ ભર રચીયો રાસ ॥
વેગે પરવટ વાળીયાં ॥
મોરલી નાંખી તાય ॥
તન ઉપર દે તાલીયું ॥
અબલાથી લોભાય ॥
બે કોરે બે કાંમની ॥
વચમાં વૈકુંઠ નાથ ॥
વ્રજ વસાણા ગામની ॥
એક એક ને ગલે હાથ ॥
ફરતો ફેર કર્યો ઘણો ॥
જાણેં કનક નો કોટ ॥
મોર મુગટ મસ્તક ધર્યો ॥
લટકે લોટ ને પોટ ॥
વાજંત્ર કેરા વાનમાં ॥
જંતર તણા ઘન ઘોર ॥
તાલ પખાજ રવાજમાં ॥
સરવેનાં ઉઠયા સુર ॥
કડલાં ને કાંબી ઠમઠમે ॥
ઝાંઝરનો ઝંમકાર ॥

પાચે તે ઘુઘરા ઘમઘમે ॥

હેઠે લસ લંકે સેસ ॥

કુરમનું અંગ કમકમે ॥

નાચે નાથ નરેશ ॥

દુંદભિ વાજા દેવ નાં ॥

પુષ્પ તણો વરસાદ ॥

પેઉ સાકર ગ્રત સેવના ॥

જમે જમાડે નાથ ॥

રંગ ભરથી રમાંડીયા ॥

પૂરણ થયાં પરસન ॥

જમ આવે તમ ફાવીયા ॥

દુલભ થયા દરશન ॥

રજની કરી ષટ માસની ॥

સઉની પુરી આશ ॥

કહે મીઠો એ રાસ માં ॥

વાણી વદી ગયા વ્યાસ ॥

# (૧૮) બ્રહ્માએ ભજન કર્યું....

બ્રહ્માયેં ભજન કર્યું ભગવાનનું રે ।।
જ્યારે ભોમી ભાર વધ્યો ઘણો રે ।।
ભોમી ગૈ બ્રહ્માનેં પાસ જો ।।
પોઢયા ત્યાં પ્રભુ ક્ષીર સમુદ્ર માં ।।
ત્યાં જૈ આરાધ્યા અવિનાશ જો ।। બ્રહ્માએ ।। ૧ ।।
જાગો જાગો શ્રી જદુનાથજી રે ।।
દુનિયા બહુ પાંમે છે દુખ જો ।।
કષ્ટ અમારા કાપો કમલાપતિ રે ।।
ઉભા અમર કરે અરદાસજો ।। બ્રહ્માએ ।। ૨ ।।
ગગન ગીરાએ હરિ ઈમ બોલીયા રે ।।
સાંભળો સહુ દેવ મારી વાત જો ।।
હું અવતાર ધરીશ જદુવંશમાં ।।
દેવકી માત વસુદેવ તાત જો ।। બ્રહ્માએ ।। ૩ ।।
દેવકી પરણાવ્યાં વસુદેવનેં ।।
કંસે દીધા કન્યાદાન જો ।।
દાન સનમાન કરી સંતોષીયા રે ।।
પ્રેમે વેરયાં ફોફલ પાન જો ।। બ્રહ્માએ ।। ૪ ।।
વીર બોલાવા ચાલ્યો બેનને ।।
એટલે થૈ વાણી આકાશ જો ।।

આ એનો અષ્ટમો ગર્ભ તુને મારશે રે ॥
રાખે હૃદયે દઢ વિસવાસ જો ॥ બ્રહ્માએ ॥ ૫ ॥
સુણતાં કોપ ચડયો બહું કંસને ॥
વસુદેવ સમજાવે બહુ પેર જો ॥
અસ્ત્રી બેન બાલકને જે હણે ॥
તેને પાપ તણો નહીં પાર જો ॥ બ્રહ્માએ ॥ ૬ ॥
પુત્ર થશે તો આણી આપસું રે ॥
મન ગોઠે તે કરજો ભૂપ જો ॥
થોડા સા જીવનનેં કારણે ॥
નો હણીશ અબલા બાલ સ્વરૂપ જો ॥ બ્રહ્માએ ॥ ૭ ॥
કીરતીમાંન કુંવર પેલા થયા રે ॥
વસુદેવ લાવ્યા કંસને પાસ જો ॥
જોઈને દયા ઉપજી કંસનેં ॥
આવ્યા હૃદયે દઢ વિસવાસ જો ॥ બ્રહ્માએ ॥ ૮ ॥
અષ્ટમો ગર્ભ થાય તે લાવજો ॥
બીજા બાલ હણે શું થાય જો ॥
એટલે નારદજી તાં આવીયા રે ॥
નારદ કે સાંભલ ભુપાલ જો ॥ બ્રહ્માએ ॥ ૯ ॥
જાંથી ગણીયેં તાંથી આઠમો ॥
એમાં જાણે તારો કાલ જો ॥
જાદવ સરવે અમર અવતર્યા ॥

દેવકી કુખે વિષ્ણુ અવતાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૦ ॥
એટલું કહી નારદજી ઉઠીયા ॥
કંસને ક્રોધ ચડ્યો ઘણી વાર જો ॥
વસુદેવ દેવકી ને કાલગ્રહ નાખીયા ॥
ભીડયાં ભોગળ સાંકળ સાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૧ ॥
ઉપર્ય ચોકી મુકી ચોસરી રે ॥
રખે કોઈ અળગા થાયે લગાર જો ॥
ચોકસ રેજો ચિત્તમાં ચેતીનેં ॥
બાલક જનમે કરજો જાણ જો ॥ બ્રહ્માએ ॥ ૧૨ ॥
કરાર કરીનેં બેઠો આસને ॥
રાત દિવસ જંપે નહી પ્રાણ જો ॥
પાપી લાગ્યો સૌને પીડવા ॥
કંસે માંડયો મહા કલેશ જો ॥ બ્રહ્માએ ॥ ૧૩ ॥
પીડયા જાદવ જાતા તે ગયા ॥
કૈ વનમાં માર્યા દશ વીશ જો ॥
જે જનમે તે આણે આપીને ॥
બાલક માર્યા બે ચાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૪ ॥
સાતમો ગરભ ધર્યો છે શેષજી રે ॥
દંપતી પામ્યા હરખ અપાર જો ॥
હરિ એ હુકમ કર્યો નિજ માયાને ॥
વેગે કરીયો એહ વિચાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૫ ॥

ગર્ભાકર્ષણ કરીને મુકીયો રે ॥
રોહણીજીનાં ઉદર મોઝાર ॥
એટલે આપેં નાથ પધારીયા રે ॥
સુર સહુ પામ્યાં હરખ અપાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૬ ॥
પુષ્પ વૃષા કરે સહુ દેવતા રે ॥
રહો જે જે ગગન મોઝાર જો ॥
શ્રાવણ વદ ની ઉત્તમ અષ્ટમી રે ॥
અભીજીત રોહણી નેં બધવાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૭ ॥
લગન જોગ મૂરત તે શુભ ઘડી ॥
અર્ધ નિશાયેં હરિ અવતાર જો ॥
દર્શન દીધા દેવકી વસુદેવને ॥
દંપતિ પામ્યા હરખ અપાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૮ ॥
મુખ જોઈને દુઃખ સૌના ગયા ॥
ટાળ્યો મોહ માયાનો ફંદ જો ॥
મોર મુગટ કુંડલ હીરે જડ્યો ॥
કંઠે કૌસ્તુભ મણી નો હાર જો ॥ બ્રહ્માએ ॥ ૧૯ ॥
પીતવસન નૌતન ઘન દાંમણી ॥
ગદા આયુધ નેં ભુજા ચાર જો ॥
ચરણ કમલ સેવે સીંધુ સુતા ॥
વંદે પદરજ અજ ત્રિપુરાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૦ ॥
મંદ મંદ હરિ તાં બોલીયા ॥

તમે તપ કીધો વરસ બાર હજાર જો ॥
તપ કરી મુજ પાસે વર માગીયો રે ॥
તે અર્થે લીધો અવતાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૧ ॥
હવે રખે શત્રુનો ભય રાખતાં રે ॥
થોડે દાડે એનો નાશ જો ॥
ગોકુલ લૈ ચાલો ચુંપેં કરી ॥
નંદ જશોદાજીને ઘેર્ય જો ॥ બ્રહ્માએ ॥ ૨૨ ॥
મુજ બદલે માયાનેં લાવજો ॥
ઈમાં કોઈ ન માનેં નીરધાર જો ॥
એટલું કહી શીશુ રૂપે થયા ॥
એનો કોઈ ન જાંણે પાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૩ ॥
વેગે લૈ ચાલ્યાં વસુદેવજી ॥
ભાંગ્યાં ભોગળ ઉઘડયા દ્વાર જો ॥
સૌ પર નાંખી માયા મોહની ॥
નીદ્રા વસ ઘેર્યો સંસાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૪ ॥
રવિતનયા તીરે આવીયા રે ॥
વસુદેવ પ્રેમે ઉતાર્યા પાર જો ॥
ચંદ્ર આવી અજુવાળું કરે ॥
ઈન્દ્રે કીધી અમૃત ધાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૫ ॥
આવી માયાની ઓથ્યું કરી ॥
તે દીન વર્ષ બાર અગીયાર જો ॥ બ્રહ્માએ ॥ ૨૬ ॥

ગોવિંદ ગોકુલમાં પધારીયા ॥
નંદ જશોદાજીને ઘેર જો ॥
જશોદાજીની સેજે સુંપ્યા શામળો ॥
એની કોય ન જાણે પેર્‌ય જો ॥ બ્રહ્માએ ॥ ૨૭ ॥
સુતને મેલીને લીધી સુતા ॥
વેગે વળીયા વસુદેવ જો ॥
આવ્યા ત્યમ પાછે પગલે ગયા ॥
મધુપુર જૈ પહોંચ્યા તત ખેવ જો ॥ બ્રહ્માએ ॥ ૨૮ ॥
જે જયમ હતું તે ત્યમ થૈ રયું ॥
એટલે પ્રગટયો પ્રાતસ કાલ જો ॥
જયારે રોવા લાગી બાલકી ॥
ત્યારે જાગ્યાં સૌ રખવાળ જો ॥ બ્રહ્માએ ॥ ૨૯ ॥
ચોપેં જાણ કર્યું જૈ કંસને ॥
જેને જીવાનું છે જતંન જો ॥
ઉઠી તાં આવ્યો ઉતાવળો ॥
કન્યા દીઠી રૂપ અપાર જો ॥ બ્રહ્માએ ॥ ૩૦ ॥
કાલાવાલા કરે બૌ દેવકી ॥
હવે રેવા દો એટલું બાલ જો ॥
જયારે ઝુંટી લીધી હાથથી ॥
પટકી શલ્યા પર તતકાલ જો ॥ બ્રહ્માએ ॥ ૩૧ ॥
દેવી જૈ ઉડી આકાશમાં રે ॥

ગગને જૈ ને બોલી વાંણ જો ॥
મુજને શું મારે છે મુરખા રે ॥
તારો વેરી વૃજમાં જાણજો ॥ બ્રહ્માએ ॥ ૩૨ ॥
કંસે કરવા માંડી સોશના ॥
હ્દયે દુઃખ લાગ્યું અંગાર જો ॥
ગોકુલ ગોપાલે લીલા કરી ॥
ઓછવ નંદરાયને દ્વાર જો ॥ બ્રહ્માએ ॥ ૩૩ ॥
પુત્ર વધાઈ આપે નંદજી રે ॥
હીરા હેમ વશણ શણગાર જો ॥
ઘેર ઘેર થી આવી ગોપિકા ॥
મંગલ ગાન કરે વ્રજ નાર જો ॥ બ્રહ્માએ ॥ ૩૪ ॥
ચતુરા ચોક પુરાવ્યાં મોતીયેં રે ॥
તોરણ નવરંગ બાંધ્યાં બાર જો ॥
કેસર કેરા છડા દેવરાવીયા રે ॥
ઘેર ઘેર આનંદ ઓછવ થાય જો ॥ બ્રહ્માએ ॥ ૩૫ ॥
દધિ કાદવ કીધો નંદ આંગણે ॥
નાચે ગ્વાલ કરે સહુ રંગ જો ॥
શોભે સુંદીર સાગર શ્યામલો ॥
અંગો અંવારી કોટી અનંગ જો ॥ બ્રહ્માએ ॥ ૩૬ ॥
શ્રોવણ ફુલે વ્રજ ફુલી રચ્યું ॥
ઘેર ઘેર આનંદ ગીત વધાઈ જો ॥

ત્યાંહા ધાન ધરતીમાં ઉમટ્ર્યા ॥
ભોમી રત્નમણી મે છાઈ જો ॥ બ્રહ્માએ ॥ ૩૭ ॥
ગંગા આદ્યે તીરથ ત્યાં વસે ॥
શંકર આદેં સઘળાં દેવ જો ॥
આવી અચલ વસી છે ઈંદ્રપુરી ॥
કરવા જગપતિ ની સેવા જો ॥ બ્રહ્માએ ॥ ૩૮ ॥
બાલ ચરિત્ર કર્યાં બહુ રીત સું રે ॥
નીત નીત્ય નૌતમ નંદ કિશોર જો ॥
સુના ધામ જોઈને હરિ સંચરે ॥
નામ ધરાવ્યું માખણ ચોર જો ॥ બ્રહ્માએ ॥ ૩૯ ॥
એવી અલબેલાની અવળાઈ ॥
જતને જાળવે જશોદા માત જો ॥
કૌતક બૌ કરે છે કાનજી ॥
સૌને મન ભાવે છે વાત જો ॥ બ્રહ્માએ ॥ ૪૦ ॥
કંસે મોકલી માસી પુતનાં ॥
કીધું કમલા જેવું રૂપ જો ॥
ઝેર હલાહલ થાંને ચોપડી ॥
હણવા બાલકનું સ્વરૂપ જો ॥ બ્રહ્માએ ॥ ૪૧ ॥
જોતી આવી નંદને આંગણે ॥
કયાં દેખાડો તમારૂં બાલ જો ॥
જશોદા ગૃહ કારજ કરતાં હતાં ॥

પારણે પોઢયા લાલ ગોપાલ જો ॥ બ્રહ્માએ ॥ ૪૨ ॥
લૈ ધવરાવા બેઠી લાલનેં ॥
ધાવતાં શોષ્યા એના પ્રાણ જો ॥
પાડી ચીસ પડી પ્રથવી વીશે ॥
એની પેરેં કરી નિશાચરી નાશ જો ॥ બ્રહ્માએ ॥ ૪૩ ॥
રાઈ લુંણ ઉતારે જશોદા માત જો ॥
અંજો બાઈ આ તે શું કેવાય જો ॥
હજી એને હીંડતા આવડતું નથી ॥
પડે ખડે ને ઉભા થાય જો ॥ બ્રહ્માએ ॥ ૪૪ ॥
નીત્ય ઓળંભા લાદે લોકના રે ॥
ફોડે ઢોળે મૈ નાં માટ જો ॥
જમલાર્જુન સુનુ કુબેરનાં ॥
ઉદ્ધારા ગયા સર્ગને સાથ જો ॥ બ્રહ્માએ ॥ ૪૫ ॥
જશોદા માતા હાર પરોવતાં રે ॥
લીધા મુઠી ભરીને મોરાર જો ॥
મોતી કેરા ઝાડ ઉછેરીયા ॥
આપ્યો વ્રજ જુવતીનેં હાર જો ॥ બ્રહ્માએ ॥ ૪૬ ॥
ત્યારેં ભ્રાન્ત્ય બ્રહ્માને ઉપજી ॥
દેખી બાલ ચરિત્ર ગોપાલ ॥
બ્રહ્મા વાછરૂ હરી ગયા ॥
નવા નિપાયાં દીન દયાલ જો ॥ બ્રહ્માએ ॥ ૪૭ ॥

અગ બગ વછાસુરનેં મોકલ્યાં ॥
શંખ ચુડ નેં કેશી નાશ જો ॥
હરિને મારવા તે આવ્યા હતા ॥
આપ્યો પોત ચરણની વાસ જો ॥ બ્રહ્માએ ॥ ૪૮ ॥
કાલી વિષધર જલથી કાઢીયો ॥
નાથે નિરમલ કીધા નીર જો ॥
વરૂણ ઘેર્યથી નંદ છોડાવીયા રે ॥
વૈકુંઠ રચાવ્યું જમના તીર જો ॥ બ્રહ્માએ ॥ ૪૯ ॥
પોતે જલ જમુનામાં ઝીલતાં ॥
કદમ ચડીને ચોર્યા ચીર જો ॥
સૌનેં પ્રણામ સૂરજનેં કરાવીયા ॥
દોષ નીવાર્યા સુંદીર શ્યામ જો ॥ બ્રહ્માએ ॥ ૫૦ ॥
ઈંદ્રે કોપ કર્યો વ્રજ ઉપરે ॥
તારેં ધરીયો ગોવરધન જો ॥
હાથેં છબીલે છાંયા કરી ॥
જેને વાલો વ્રજનો સાથ જો ॥ બ્રહ્માએ ॥ ૫૧ ॥
રસીયે રંગ ભરી રમાડીયાં ॥
વેણ વજાડી તેડાં વન જો ॥
તરૂણી કેરા તાપ નીવારીયા રે ॥
સુખડાં આપ્યાં જગજીવન જો ॥ બ્રહ્માએ ॥ પર ॥
વ્રજની લીલા શકે ન વરણવી રે ॥

જો મલે કોટીક શારદા શેષ જો ॥
નીગમ નીરંતર સૌને ગાય છે ॥
એનો પાર ન પાવેં શેષ જો ॥ બ્રહ્માએ ॥ ૫૩ ॥
એટલે નારદજી ત્યાં આવીયા ॥
હજી કંમ બેસી રયા માહારાજ જો ॥
આગેં કારજ કરવા છે ઘણા ॥
કરવા મોટા પ્રૌઢ પ્રહાર જો ॥ બ્રહ્માએ ॥ ૫૪ ॥
કુબજા કેરૂ ચંદન લેપવું ॥
કરવું છે માલીનું કલ્યાણ જો ॥
પરથમ પરિચટને ઓધારવો ॥
લેવા પાપી કંસનાં પ્રાણ જા ॥ બ્રહ્માએ ॥ ૫૫ ॥
અલૌકિક વિદ્યા ભણાવી સંદીપની ॥
મ્રતક આંણીને આપવો બાલ જો ॥
જોરે જરાસંઘને જીતવો ॥
કરવો કાલ યવનનો કાળ જો ॥ બ્રહ્માએ ॥ ૫૬ ॥
દરીયા તીરે વાસવીં દ્વારકાં ॥
પ્રણવી સોલા સહસ્ત્ર શત આઠ જો ॥
પ્રેમેં પારથનો રથ હાંકવો ॥
ઠઠવો મહાભારતનો ઠાઠ જો ॥ બ્રહ્માએ ॥ ૫૭ ॥
એટલું કૈ નારદજી ઉઠીયા ॥
પહોંચ્યા બ્રહ્મલોક મોઝાર જો ॥

કંસે અકરૂડ તેડવા મોકલ્યા ॥
લેજો ધનુષ યજ્ઞનું નામ જો ॥ બ્રહ્માએ ॥ ૫૮ ॥
પછેં ગોવિંદનું ગમતું થશે ॥
કંસને મળવાનું છે મન જો ॥ બ્રહ્માએ ॥ ૫૯ ॥
નંદની સંઘે ગોપ ગોવાળીયા રે ॥
રથમાં બેઠા કેશવરામ જો ॥
રથ ઝાલી રાધાજી રોકીયાં ॥
નહીં જાવા દૌ સુંદરી શ્યામ જો ॥ બ્રહ્માએ ॥ ૬૦ ॥
સર્વે વેટી વળી વ્રજ સુંદરી ॥
જેનેં સાચો અધિક સનેહ જો ॥
પ્રાણ અમારા સાથે ચાલશે ॥
એમાં નહીં કશો સંદેહ જો ॥ બ્રહ્માએ ॥ ૬૧ ॥
પ્રેમે ગોષ્ટ કરી સમજાવીયાં રે ॥
ચાલ્યાં કઠણ કરીને મન જો ॥
અકરૂડ જલ જમુનાં નાવા ગયા ॥
જલમાં દીઠા જગજીવન જો ॥ બ્રહ્માએ ॥ ૬૨ ॥
પ્રથમ પરિઅટની પૂજા કરી ॥
સર્વે શણગાર્યા ગોપ ગોપાલ જો ॥
માર માલીયેં પુષ્પ ચડાવીયાં ॥
મુક્તી આપી દીન દયાલ જો ॥ બ્રહ્માએ ॥ ૬૩ ॥
કુબજા કેરૂ ચંદન લેપીયું રે ॥

કીધું લક્ષ્મી જેવું રૂપ જો ॥
ધનુષ ભાંગતા યોધ ઘણા હણા ॥
તારે ભય પામ્યો છે ભૂપ જો ॥ બ્રહ્માએ ॥ ૬૪ ॥
કુંજર પોળીયો પંડ પછાડીયો ॥
માર્યા ચારણ મુષ્ટિક મલ્લ જો ॥
જૈને રાજસભામાં ઉભા રહ્યા ॥
પકડયો કંસ ગ્રહીને કેશ જો ॥ બ્રહ્માએ ॥ ૬૫ ॥
અલૌકિક વિદ્યા ભણી સંદીપની ॥
મૃતક આંણીને આપ્યું બાલ જો ॥
જોરે જરાસંઘને જીતીયો ॥
કીધો કાલ યવન નો નાશ જો ॥ બ્રહ્માએ ॥ ૬૬ ॥
દરીયા તીરેં વાસી દ્વારકાં ॥
પરણા સોળ સહસ્ત્ર શત આઠ જો ॥
પ્રેમે પારથનો રથ હાંકીયો ॥
ઠઠીયો મહાભારતનો ઠાઠ જો ॥ બ્રહ્માએ ॥ ૬૭ ॥
વસુદેવ દેવકીનાં બંધન છોડાવીયા રે ॥
જૈને પ્રેમે લાગ્યા પાય જો ॥
પુર વાસી સરવે પાવન કર્યાં ॥
ઘેર ઘેર આનંદ ઓછવ થાય જો ॥ બ્રહ્માએ ॥ ૬૮ ॥
એણી પેર્ચે ભોમીનો ભાર ઉતારીયો ॥
લીલા કીધી અખંડ અપાર જો ॥

પ્રીતમ સરખા પતિત ઉધારીયા રે ॥
એવા અશરણ શરણ મોરાર જો ॥ બ્રહ્માએ ॥ ૬૯ ॥
મહિમા મોટો શ્રી જદુનાથનો ॥
બીજી સરવે દાસ વિલસ જો ॥
ગરબો ગાય શીખે ને સાંભળે ॥
તેનો સેજે વૈકુંઠ વાસ જો ॥
બ્રહ્માએ ભજન કર્યં ભગવાનનું રે ॥ ૭૦ ॥

## (૧૯) સંખલપુર નો ગરબો

શ્રી સંખલપુરી રે સકલ સીરોમણી રે લોલ ॥ ટેક ॥
સરવ સંસાર તણું જે સાર ॥
જયાંહા વસે બૌચરમા ત્રિભુવન ધણી રે ॥
આઈજી નોધારા ઓધાર ॥ સંખલ. ॥ ૧ ॥
અકળ કળા ન કળાયે કોય થકી રે ॥
ઈશ્વરી અગમ અભેદ અછેદ ॥
માત્યમ મારકુંડ કહે મુખ થકી રે ॥
વિઘ વિઘ વાણી વખાણે વેદ ॥ સંખલ. ॥ ૨ ॥
કરૂણા કરી કાવ્યાં કુલીકાલમાં રે ॥
કરવો કોટિ કો ઉપકાર ॥
ભગવતી બેઠા ભડ ચુવાલમાં રે ॥

ભરવા ભકત તણાં ભંડાર ।। સંખલ. ।। ૩ ।।
નજર કરીને નિરમ્યાં નારાયણી રે ।।
નગણું શું નાનુ કીધુ નાક ।।
સહસ્ત્ર તે સ્વર્ગ થકી શોભા ઘણી રે ।।
ત્રીપુરે તતક્ષણ તાંકયું તાક ।। સંખલ. ।। ૪ ।।
ગુણનિધિ ગંભીર ગાજે ગોખમાં રે ।।
સૌ સેવકની કરવા સાય ।।
નિસદિન નિત્ય પ્રત્ય રાંખ્યાં જોષમાં રે ।।
શરણ ગયા તે ઉતર્યા પાર ।। સંખલ. ।। ૫ ।।
પ્રત્યક્ષ પારો પ્રથવીમાં ખરો રે ।।
પુરસાં પ્રેમદા પુરણ આશ ।।
સાચે મન જન જે સેવા કરે રે ।।
અવિચલ આપે ઘર ઘર વાસ ।। સંખલ. ।। ૬ ।।
બરદેં બીરાજે બલવંત બૌચરી રે ।।
બહુ બુધવતી બાલે વેશ ।।
હરિ હર વિધિ વર જસ જે ઉચરે રે ।।
સેવો સહાય સુરી નર શેષ ।। સંખલ. ।। ૭ ।।
માતમ મોટું મહિ મદ માતનું રે ।।
માનવી માનેં મુકી મોલ ।।
જીવન મૂકત કર્યા જન જાત્યને રે ।।
પંચ પદારથ પામે પહેલ ।। સંખલ. ।। ૮ ।।

સુરપુર નરપુર નાગપુરે નહી રે ॥
નિસદિન નિત્ય નચલે રંગ ॥
અડસઠ તીરથ થકી અદકું અંહિ રે ॥
આપેં અવિલોકેં અવિભંગ ॥ સંખલ. ॥ ૯ ॥
જે ફલ જાચે જન જહી કાસીયેં રેં ॥
ગયા ગદાધર પરસે પાય ॥
તે ફલ પારા પાસેં નીવસીયેં રેં ॥
વર દે આપે બૌચર માય ॥ સંખલ. ॥ ૧૦ ॥
જે ફલ માધવ ટોકરે પ્રાગમાં રે ॥
વળી વારાણસી વેગેં નાય ॥
નાહાંતા વાવ્ચ કુંડ અનુરાગમાં રે ॥
તે ફલ દેવી દે દાતાર ॥ સંખલ. ॥ ૧૧ ॥
કાવડ્ય વૈજનાથને અરપતા રે ॥
કંકણ જે પેરે કેદાર ॥
જે જન ચૈતને ત્રિપુરે તરપતાં રે ॥
ભગવતી બ્રાહ્મણનો અવતાર ॥ સંખલ. ॥ ૧૨ ॥
જે ફલ હોય જગન જાગે કરી રે ॥
જપ તપ વ્રત કીધેં ફલ થાય ॥
તે ફલ પામેં ફરતા ચાચરે રે ॥
જો મન નિરમલ ગરબો ગાય ॥ સંખલ. ॥ ૧૩ ॥
ગાતાં જુગ જીતે જસ ગાઈને રે ॥

જો જનુનીને આવ્યા પેટ ॥
આ અવતાર ન ઓળખ્યાં આઈને રે ॥
જીવ્યું જાણ દૈવની વેઠ ॥ સંખલ. ॥ ૧૪ ॥
ગોખ ને જોષમાં જોસો જે ઘડિ રે ॥
માનસી રેં કરસો મારજન ॥
પરણવસો પ્રેમેં પાચે પાવડી રે ॥
બોચર માં દેશે દરશન ॥ સંખલ. ॥ ૧૫ ॥
માજીચે મહાપાપી પાવન કર્યા રે ॥
પ્રગટ થઈ નવલ્પેંતા પુન્ય ॥
ભકત થતા ભવ ભાગ્ય ભલા ભળ્યા રે ॥
નવ નિધ આપી નવ્ય રહી નુન્ય ॥
સેવે સદા મહાસુખ પામીચે રે ॥
સમરથ સંખલપુરની રાચ ॥ સંખલ. ॥ ૧૬ ॥
દાસ થતાં દુઃખ દોચલા વામીચે રે ॥
ભજતા ભવની ભાવઠ જાચ ॥
પર ઉપકાર કરણ પરમેશ્વરી રે ॥
મહિ તુલ માત રાખજો માંમ ॥ સંખલ. ॥ ૧૭ ॥
માત વિશ્વ વિષેં વિશ્વેશ્વરી રે ॥
વલ્લભ વાડવનો વિશ્રામ ॥
શ્રી સંખલપુરી રે સકલ શીરોમણી રે ॥૧૮ ॥

# (૨૦) ઈશ્વર-વિવાહ (નાનો)

(:: રાગ ધોળ ::)

શંકર સૂતને શીશ નામું રે ।।
ગુરૂવા ગણપત્ય જુવો મુજ સામું રે ।।
શારદા માતા સમરથ જાણી રે ।।
આઈ આપો અવિચળ વાણી રે ।। ૧ ।।
પરમોદીનેં પુછી વાત રે ।।
કયમ પરણા શંભુ નાથ રે ।।
વિવા વૈકુંઠનાથે વખાણો રે ।।
તતો દેવીદાસેં ન જાણ્યો રે ।। ૨ ।।
પ્રભુજીને નામે પસાયે રે ।।
વગત્યે કરીને વિવા ગાય રે ।। ૩ ।।

(:: ઢાળ ::)

વિવા તે વિગતે વરણવું ।।
માતજી કરો ઉમયાયે ।।
દીન વચન દેવીદાસ કહે ।।
દેવી કરોનેં દયા યે ।। ૧ ।।
એક સમે નારદ આવીયા ।।
જયાં હતા શંભુનાથ ।।

પરિયાણ પ્રભુજીને પરણવા ।।
કહી ઋષિ આગળ વાત ।। ૨ ।।
નારદ સઘળે નીરખતાં ।।
કન્યા તે જાણેં કોય ।।
એક સમોવડ્ય શંભુજી તણી ।।
સરખી તે સુંદીર જોડ્ય ।। ૬ ।।

(:: કડવુ ::)
(:: રાગ ધોળ ::)

વળતી ઋષિજીયેં માંડી વાત રે ।।
તમે સાંભળો શંભુનાથ રે ।।
આથી દુર્ય ઘણી ભોમ્ય થાય રે ।।
ત્યાં રહે હેમાચલ રાય રે ।। ૧ ।।
તીનેં ઘેરે છે મેના નારી રે ।।
તે તો સુંદર વદને સારી રે ।।
તેહને કુલ કન્યા આવી રે ।।
મહા રૂપ મનોહર લાવી રે ।। ૨ ।।
દીસે દેવ તણો અવતાર રે ।।
શોભા કેતા નાવે પાર રે ।।
કન્યા કદલી થંભ તે જાણું રે ।।
તેથી ઋષીજીયેં અધિક વખાણું રે ।। ૩ ।।
કટિ કાવે કેસરી લંક રે ।।

અવની સીર આડો અંક રે ॥
વેણ્ય વાસુકી નાગ વળાય રે ॥
દિસે કનક સરીખી કાય રે ॥ ૪ ॥
હાલે હંસ તણી ગત્ય સરખી રે ॥
ભોમી ઉપર પગલાં ભરતી રે ॥
નારદ કે મેં નયણે નીરખી રે ॥
દેવ કન્યા છે તમ સરખી રે ॥ ૫ ॥
જોઈ માતા પિતા મન મોઈયે રે ॥
તેવો વર કન્યાને જોઈએ રે ॥
શંભુ કે તમે નારદ જાઓ રે ॥
રખેવાટે તે વેલા થાઓ રે ॥ ૬ ॥
સિદ્ધ કામ કરો શીખ આલી રે ॥
તેણી ભોમીગયા રૂષી ચાલી રે ॥
ઈમ કરતાં તે નારદ આવ્યા રે ॥
મહા રૂદ્ર નું માંગુ લાવ્યા રે ॥ ૭ ॥
મહા ઋષિજીએ માંડી વાત રે ॥
વર વારૂ છે શંભુનાથ રે ॥
વરની કુંણ જાત્ય ગુણ ભાત્ય રે ॥
એને કુલ તે કેહી જાત્ય રે ॥ ૮ ॥
નારદ કે તમે સાંભળો બાઈ રે ॥
ઈને ઘેરે છે આદ્ય વડાઈ રે ॥

એનું સુંદર કુલ છે સારૂ રે ॥
તાંહા મન્ય માને છે મારૂ રે ॥ ૯ ॥
કોય અણજુગતું કહે તમને રે ॥
તેની ખોટ્ય વરઘ છે અમને રે ॥
એવાં વચન સુંણી રાય હરખ્યા રે ॥
ઈમ જાણી જોઈ નયણે નીરખ્યા રે ॥ ૧૦ ॥
જોયા વીના તે જાંણુ કીધુ રે ॥
શંભુનાથને શ્રીફલ દીધું રે ॥ ૧૧ ॥

(:: ઢાળ ::)

રાય કહે ઋષિ સાંભળો ॥
જુગત્યેં તે લાવજો જાન ॥
માંડવે મહાપતિ આવશે ॥
રૂડી પેઠે રાજંન ॥ ૧૨ ॥

(:: કડવા :: ॥ ૨ ॥)
(:: રાગ ધોળ ::)

હેમાચલનેં હરખ અપાર રે ॥
કરવા મંડપનો વિસાર રે ॥
તેડયા સુતાર સલાટ સોનાર રે ॥
તેડયા કારિગર તાં સાર રે ॥ ૧ ॥

મનગમતા તે મુરત સાંધી રે ॥
દશ જોઈને દોરી બાંધી રે ॥
ચાર જોજન ભૂમિ લીધી રે ॥
પરવાળાની પૂરણી કીધી રે ॥ ૨ ॥
મણીબંધ તે મંડપ ઘડાવ્યા રે ॥
અનોપમ થંભ જડાવ્યા રે ॥
ભોમી થકી તે ભુવન આકાશ રે ॥ ૩ ॥
તીમાં જગત તણી ગત્ય જાણી રે ॥
માંહી રંગની રચના આણી રે ॥ ૪ ॥

(:: ઢાળ ::)

રંગ રચના આદરી ॥
આલેખણી અખિયાત ॥
માંહી મેઘમાલા ને ચિત્રશાલા ॥
ભલી ઓપે ભાત ॥ ૫ ॥
મોર મુગટ પંખી પ્રગટ ॥
એવો ફલ વીવેક ॥
નેણે જોતાં નિરખિયેં ॥
કે તાં તે નાવે છેક ॥ ૬ ॥

(:: ધોળ રાગ ::)

એવી મંડપ રચના માંડી છે રે ॥

ચતુરાઈએ ચીત્રામણ કાઢી રે ॥
માંહી ભેદ ભુલવણી ઝાઝી રે ॥
એવી લખી વિચિત્રની બાજી રે ॥ ૭ ॥
માંહી વેદ ભણતાં જોષી રે ॥
દેશ વણઝ કરતાં દોશી રે ॥
એક મનમોજી મનગમતા રે ॥
તે તો જાણેં જુગટું રમતા રે ॥ ૮ ॥
માંહી વાચે વાંસળીયું વાળા રે ॥
ઉ મારગ નાખે છે ટાળા રે ॥
માંહી ઘોડે ચડા અસવાર રે ॥
પાલખીનો ન લહું પાર રે ॥ ૯ ॥
મદ્ય બાંધ્યા તે મેગલ ઝરતાં રે ॥
સામ સામા સારસીયું કરતા રે ॥
ગલે બાંધ્યા તે ગેમર ગાજે રે ॥
સુંઢુવાળા તે સાંકળું ભાગે રે ॥ ૧૦ ॥
માંહી મલ બાકરીયું વાતા રે ॥
તાંહા ગાંધ્રવ દીશે ગાતા રે ॥
એવા આનંદ ઉછવ થાય રે ॥
એવું લખ્યું છે મંડપ માયરે ॥ ૧૧ ॥
બીજી નાટક નૃત્ય ન જાણું રે ॥
વન ખંડિ તે શું વખાણું રે ॥
માંહી આંબા અનોપમ ફળીયા રે ॥

ચાલો જોયે તે જાંબુ ગળીયા રે ॥ ૧૨ ॥
ગળ્યા ખારેક ને ખજુરી રે ॥
ફલાં ફોફલ ને નારીયેળી રે ॥
બદામું ની જોડે છે બીલી રે ॥
નવરંગી દીસે છે નીલી રે ॥ ૧૩ ॥
નવરંગી તે નાગર વેલુ રે ॥
જાણેં વૈકુઠ આણી મેલ્યું રે ॥
વનસ્પતિ ભાર અઢાર રે ॥
તીમાં પંખી તણો નહીં પાર રે ॥ ૧૪ ॥
જયારે ગરૂડ મંડપમાં આવ્યા રે ॥
રાયે હરખે હંસ લખાવ્યા રે ॥
માંહી મોર મધુરા બોલે રે ॥
કુંણ પંખી છે સમતોલ રે ॥ ૧૫ ॥
નવ પાલવ સુડા નીલા રે ॥
માંહી કાબર ને કોકીલા રે ॥
પારેવાં ને પોપટ પઢતા રે ॥
કોરંગીને કુકડ વઢતા રે ॥ ૧૬ ॥
સમળી સકરો જયારે દીઠા રે ॥
બગ ધ્યાન ધરીને બેઠા રે ॥
પર ભોમ્ય તણાં જે પંખી રે ॥
તેની ઉત્તમ જાત આલેખી રે ॥ ૧૭ ॥

એવી મંડપ રચના કહાવે રે ॥
કેવી જાન શંભુજીની લાવે રે ॥
મઢી આગળ મંડપ ઘાલ્યાં રે ॥
શંભુનાથ પરણવા ચાલ્યાં રે ॥
જુગતે શું જટા બાંધી રે ॥
શીવે ફાટલ કંથા સાંધી રે ॥ ૧૮ ॥
અંગે આક ધતુરો આણીયો રે ॥
શંભુનાથે પોઢીયો પલાણ્યો રે ॥
ગલે રૂંઢમાલા રખવાળા રે ॥
કંઠે વળગાડ્યા ભોરંગ કાળા રે ॥ ૧૯ ॥
શંભુનાથ સમાચાર કહાવે રે ॥
કેવો વેશ ધરી વર આવે રે ॥
નવ જોબન નયણે શમારી રે ॥
સાંમેચૈ સુંદર નારી રે ॥ ૨૦ ॥
જોવાને તે જાન જમાઈ રે ॥
દેખી મેના રહી મોરછાઈ રે ॥
ભુખ્ખ્યો બ્રાહ્મણ ભુંડો જાણ્યો રે ॥
અણ ખપતો તે આંગણે આણ્યો રે ॥ ૨૧ ॥
એવા વચન કહી વળી જાય રે ॥
સંભળાવો હેમાચલ રાય રે ॥
માતા પુત્રીને ઈમ કહાવે રે ॥

સખી બળદે ચડયો વર આવે રે ॥ ૨૨ ॥
કુંવરી કહે કરમની વાત રે ॥
વર પામી છું વૈકુંઠનાથ રે ॥
એવો ઋષિજીએ મુજ વર આપ્યો રે ॥
તે મે ઈશ્વર કરીને થાપ્યો રે ॥ ૨૩ ॥
ત્રણ્ય લોકમાં મહાતપ કીધો રે ॥
મહારૂદ્ર સરખો વર દીધો રે ॥
વળતી કહે મીના માય રે ॥
વણ દીઠે વખાણ શું થાય રે ॥ ૨૪ ॥
તમે મનમાં ઈમ ન જાણો રે ॥
હંસ કાગની કોટ બંધાયો રે ॥
પ્રથમ પુંખણીયે કોણ જાય રે ॥
કોટે સૂર્ય તે ખાવા ધાય રે ॥ ૨૫ ॥
અમેં માનવી મનમાં બીએ રે ॥
એવા દેવ અમે શું કીજે રે ॥
માતા કે મેં પુત્રી જાઈ રે ॥
ગલસુતીમાં વખ ન પાઈ રે ॥ ૨૬ ॥
જુવો કુલવંતો જમાઈ રે ॥
માને નહીં મેના રીસાઈ રે ॥ ૨૭ ॥

(:: ઢાળ ::)

મીનાં તો માને નહી ॥
અનેક અવગુણ ગાય ॥
પેર્ર્યે પેર્ર્યે કરી પ્રીછવે ॥
આધીન થઈ ઉમયાય ॥ ૧ ॥
જનમ આપે જનેતા ॥
કરમ ન આપે કોય ॥
પાણી પીને ઘર પુછીંચે ॥
જાત્યને ભાત્યમ જોય ॥ ૨ ॥
આંગણે આવ્યો આશા કરી ॥
તે વર્યા વિના કયમ જાય ॥
કર્મ બંધન કિજીયે ॥
તીનો દોષ બેસે માય ॥ ૩ ॥
મીના મન જાણે નહીં ॥
આંગણે આવ્યા ઈશ ॥
પારવતીનો પ્રેમ જોઈને ॥
પ્રગટયા શ્રી જગદીશ ॥ ૪ ॥
સૂર્ય સમોવડ વદન ઝલકે ॥
કલા તે કોટી પ્રકાશ ॥
અર્ક ઉગે જયમ તીમીર નાશે ॥
ઈમ થયો અજવાસ ॥ ૫ ॥
હરખ હૈયામાં નરખ્યા નાથને ॥

ઉલટ વાદ્યો અંગ ॥
શણગાર સજે સહું સુંદરી ॥
બહુ નારી તે નવરંગ ॥ ૬ ॥
ઘુસલ મુશલ કર ઘરી ॥
મરકતી મંગલ ગાય ॥
પુંખીને પધરાવીયા ॥
મહાદેવ માહેરા મા ॥ ૭ ॥

(:: રાગ ધોળ ::)

મહાદેવ માય રે પધારાવ્યા રે ॥
ત્યાં સુરીનર મુનિવર આવ્યાં રે ॥
બ્રહ્મા સાથે છે બ્રહ્માણી રે ॥
ઈંદ્ર સાથે છે ઈંદ્રાણી રે ॥ ૧ ॥
સૂર્ય સાથે રાનાદે રાણી રે ॥
ચંદ્ર સાથે છે રોહણી રાણી રે ॥
હેમાચલ ની જોડ મીના રે ॥
વળી વખાણ કરૂં હું કીના રે ॥ ૨ ॥
પાટે પારવતી પધરાવ્યા રે ॥
લક્ષ્મી લુણ ઉતારવા આવ્યા રે ॥
અતિ આનંદે પરણે છે ઈશ રે ॥
જોડે જાનૈયા છે જગદીશ રે ॥ ૩ ॥

ભેળા મળીને મંગલ ગાય રે ॥
કન્યા દાન આપે છે રાય રે ॥
આપ્યા અર્થ ગર્થ ભંડાર રે ॥
આપ્યાં સોવણનો નહીં પાર રે ॥ ૪ ॥
બ્રહ્મા સારા મૂરત સાંધી રે ॥
નીલા વાસની ચોરી બાંધી રે ॥
મહાદેવે મંગલ વરત્યાં ચાર રે ॥
શીવજી આરોગ્યા કંસાર રે ॥ ૫ ॥
શીવજીને હાથગરણા તે થાય રે ॥
દાન આપે છે બહુ રાય રે ॥
આપી ભૂમિ ગ્રથ ભંડાર રે ॥
આગળ દોરાવ્યાં તોખાર રે ॥ ૬ ॥
રાયે રથ આલ્યાં શણગારી રે ॥
આગળ ધવલ ધોરી સવારી રે ॥
માતા મેગલ તે શણગારી રે ॥
ઉપર અંકુશને આંબડી રે ॥ ૭ ॥
શરડી કોટે સાંઢીયા ઝાઝા રે ॥
ગાયુ ભેસુના ટોળા બાંધ્યા રે ॥ ૮ ॥
શીવને પેરામણી તે થાય રે ॥
અનગલ વસ્ત્ર આપે છે રાય રે ॥
પીળા પિતાંબર પટકોળા રે ॥

ઘેડ બંધ તે ઘરચોળા રે ॥ ૯ ॥
તે તો રાતાં રૂડા દીસે રે ॥
જરકસી જોવા મન હીંસે રે ॥
મનગમતા મસરૂ લાવ્યા રે ॥
પ્રભુજીને પ્રીત્યે પેરાવ્યા રે ॥ ૧૦ ॥
માંડવે અતિ ઘણો ઉછરંગ રે ॥
રાયને ઉલટ વાઘ્યો અંગ રે ॥
રાયેં જુગતે જમાડી જાન રે ॥
આપ્યાં ધન ધાન્ય બહું માન રે ॥ ૧૧ ॥
શીવ પરણી ચાલ્યાં કૈલાશ રે ॥
મુત્યુ લોક મેલ્યો દેવીદાસ રે ॥
વાસ વાડી શાળામાં રેજે રે ॥
અતિ આનંદે વીવા કેજે રે ॥ ૧૨ ॥
જે કોય ઈશ્વર વીવા ગાય રે ॥
તીનાં પાતિક સરવે જાય રે ॥
જે કોય સાંભળે નર નારી રે ॥
તીને ઉદ્ધારે શ્રી મોરારી રે ॥ ૧૩ ॥
જો કોઈ હેત કરીને સાંભળશે રે ॥
તીના પાંચે પાતિક ટળશે રે ॥ ૧૪ ॥

## (૨૧) રાધાજીનું રૂસણું

શ્રી ગુરૂ ગણપતિ પ્રણવું ॥
શારદા નામું શીશ ॥
સરસત ક્રિપા થકી ॥
ગાઉં તે ગુણ જગદીશ ॥ ૧ ॥
કાલાવાલા કહું કૃષ્ણનાં ॥
બુદ્ધિ હિણો હું બાલ ॥
ગાઉં રસીક રૂસણું ॥
હતી દંપતી વચન રસાલ ॥ ૨ ॥
એક સમે આનંદમાં ॥
સખી કુસુમ ગુંથાવે શીશ ॥
કાંઈક મરમ વચન મોહનેં કહયા ॥
ચડી રાધાજી ને રીસ ॥ ૩ ॥
રીસમાં કીધુ રૂસણું ॥
પ્યારી તે પંથ પલાય ॥ ૪ ॥
લક્ષણ અદકા લાડડી ॥
તુજ આગળ છે તેતરીસ ॥
દુભણ હસે દયાલ સું ॥
મુજ રાંક ઉપર રીસ ॥ ૫ ॥

******

રાધાજી ન કીજે રીસ, હેલી રીસાવ્યાં રઈએ નહીં ॥
તારે ચરણે નમાવું શીશ ॥

હેલી રિસાવ્યા રઈયેં નહી ॥ ૧ ॥
વળી માન તું મારી વાત ॥ હેલી. ॥
રૂડી રમવા સરખી રાત ॥ હેલી. ॥ ૨ ॥
તારા કેને ભર્યાં છે કાન ॥ હેલી. ॥
તારી ગઈ છે સુધ બુધ સાન ॥ હેલી. ॥ ૩ ॥
ચાલ્ય ચતુર શીરોમણી નાર્ય ॥ હેલી. ॥
તારા કાળ ક્રોધને વાર્ય ॥ હેલી. ॥ ૪ ॥
મછરાલી મછર મેલ ॥ હેલી. ॥
ખાંતીલાની સંગે ખેલ ॥ હેલી. ॥ ૫ ॥
જોબનનું આ શું જોર ॥ હેલી. ॥
કયમ થઈ છું કઠણ કઠોર ॥ હેલી. ॥ ૬ ॥
વાલાનો શો છે વાંક ॥ હેલી. ॥
તે તો વાળ્યો આડો આંક ॥ હેલી. ॥ ૭ ॥
અબળાની અવળી રીત ॥ હેલી. ॥
તે શાંને કરી પહેલી પ્રીત ॥ હેલી. ॥ ૮ ॥
પ્રીતમ સું પ્રીત ન તોડ્ય ॥ હેલી. ॥
એને તુજ સરખી કઈ કોડ ॥ હેલી. ॥ ૯ ॥
ખપ કરીયેં તો શાની ખોટ ॥ હેલી. ॥
ડુંગર છે તરણા ઓટ ॥ હેલી. ॥ ૧૦ ॥
હવે જોજે મારાં કામ ॥ હેલી. ॥
મારૂ ચંપકલા છે નામ ॥ હેલી. ॥ ૧૧ ॥
કરગરવા આવીશ કાલ ॥ હેલી. ॥

અલબેલી ઉઠી ચાલ ।। હેલી. ।। ૧૨ ।।
પ્રીછવી ને લાગું પાય ।। હેલી. ।।
પળ વરસાસો વૈ જાય ।। હેલી. ।। ૧૩ ।।
મેલ મુઢપણાનો ઢંગ ।। હેલી. ।।
રસીયા સું ન કીજે રાડ્ય ।। હેલી. ।।
વાલો રીઝે તેમ રમાડ્ય ।। હેલી. ।। ૧૫ ।।
છે ગર્ભ ભંજન ગોપાલ ।। હેલી. ।।
સ્વામી સેવકનાં પ્રતિપાલ ।। હેલી. ।। ૧૬ ।।
હવે છેક ન દીજે છેહ ।। હેલી. ।।
તાણીયે તો તુટે સનેહ ।। હેલી. ।। ૧૭ ।।
વડિ વાર થઈ છે વિલંબ ।। હેલી. ।।
માનો માનો અમારા સમ ।। હેલી. ।।૧૮ ।।
કયમ ઢાળ્યા છે નેચા નેણ ।। હેલી. ।।
મુખ વાળીને બોલો વેણ ।। હેલી. ।। ૧૯ ।।
રાધા તું રસની ખાણ ।। હેલી. ।।
લઘુનાથ પ્રભુસંગ માણ ।। હેલી. ।। ૨૦ ।।

:: સાખી ::

માંન કહું તું માનની ।।
કહે નેં તે વાત વચન ।।
એ ચટકો દિવસ ચારનો ।।
તારૂ વૈ જાશે જોબન ।। ૧ ।।
ગર્વ ન કીજે ઘેલડી ।।

રોષ તજી કર રંગ ॥
કોઈક અવસર આવશે ॥
લે આલસું ઘરે ગંગ ॥ ૨ ॥

******

રાધાજી કે શાનો રોષ ॥ બેની પુજયા તે ફલ પામીયે ॥
કોઈક દીસેં કરમને દોષ ॥ બેની પૂજયાં તે ફલ પામીયે ॥ ૧ ॥
વિધાતાનાં લખ્યાં લેખ ॥ બેની. ॥
તે તો ટાળ્યા ન ટળે રેખ ॥ બેની. ॥ ૨ ॥
જોબનમાં લખીયો જોગ ॥ બેની. ॥
મારે દારૂણ દુઃખના રોગ ॥ બેની. ॥ ૩ ॥
જુઠાનાં જુઠા બોલ ॥ બેની. ॥
એનો તરત જણાયે તોલ ॥ બેની. ॥ ૪ ॥
પુતના નાં શોષ્યા પ્રાણ ॥ બેની. ॥
શું કહીએ વાત વખાણ ॥ બેની. ॥ ૫ ॥
એની પેર્‌ય ન પ્રીછે કોઈ ॥ બેની. ॥
વાલે વૃંદા સરખી વગોઈ ॥ બેની. ॥ ૬ ॥
સતી સીતા સરખી નાર ॥ બેની. ॥
વાલે મુકી વન મોઝાર ॥ બેની. ॥ ૭ ॥
વાલામાં કુડ અનેક ॥ બેની. ॥
ચંમકને છાંડે છેક ॥ બેની. ॥ ૮ ॥
ભમરાને ભમ્યાની ટેક ॥ બેની. ॥
રસ લઈને તજે તતખેવ ॥ બેની. ॥ ૯ ॥

કપટિ હોય કાલીનાગ ॥ બેની. ॥
પછે ડંસ તેના પાગ ॥ બેની. ॥ ૧૦ ॥
જલચર તો જલ નેંચાય ॥ બેની. ॥
પાણીને પ્રિત ન થાય ॥ બેની. ॥ ૧૧ ॥
પ્રીછે નહી પ્રીત પતંગ ॥ બેની. ॥
દીપકને આપ્યું અંગ ॥ બેની. ॥ ૧૨ ॥
મોરે કીધો મુષકનો સંગ ॥ બેની. ॥
કીધો પર પંખ કેરો ભંગ ॥ બેની. ॥ ૧૩ ॥
અર્ક અંબુજ અધિક સનેહ ॥ બેની. ॥
પછેં દગ્ધ કર્યો તેનો દેહ ॥ બેની. ॥ ૧૪ ॥
પારધિ તો રચે પાખંડ ॥ બેની. ॥
તે તો હરે પ્રાણ ને પંડ ॥ બેની. ॥ ૧૫ ॥
જયારે સરોવર નીર સુકાય ॥ બેની. ॥
તાંહા હંસ નિકટ ન જાય ॥ બેની. ॥ ૧૬ ॥
દૈવે દગધ કર્યું જે વન ॥ બેની. ॥
તાંહા મૃગ ન કરે મન ॥ બેની. ॥ ૧૭ ॥
કપટી થયાં કઠણ કિશોર ॥ બેની. ॥
માહરે સો કાલજ કોર ॥ બેની. ॥ ૧૮ ॥
ટળવળતાં તજીશ તન ॥ બેની. ॥
ઘણું જીવો જગ જીવન ॥ બેની. ॥ ૧૯ ॥
છબીલાને છેલો રામરામ ॥ બેની. ॥
કેજો લઘુનાથ પ્રભુને પ્રણામ ॥ બેની. ॥ ૨૦ ॥

## (:: સાખી ::)

કેહેજો જૈનેં કૃષ્ણને ॥
એ નગણાનો શો નેહ ॥
મળવું હશે માવજી ॥
ફરીને ધરસું દેહ ॥ ૧ ॥
માન વીના મલવું કશું ॥
નરખે ન ઠરે નેણ ॥
મન મોતી વળ કાછને ॥
રતિ ન લાગે રેણ ॥ ૨ ॥

*******

હઠ લીધી હરિને સાથ ॥ વાલા માનભરી માને નહીં ॥
દઢ હૈડુ ગ્રહ્યું છે હાથ ॥ વાલા માનભરી માને નહીં ॥
દુતી કહે સાંભળ દાસ ॥ વાલા. ॥
તું તો રહેજે મારે પાસ ॥ વાલા. ॥ ૨ ॥
ધસમસતી દૂતિ ધાઈ ॥ વાલા. ॥
જહાં છે શામળીયો સુખદાયી ॥ વાલા. ॥ ૩ ॥
ઉઠો ઉઠો આનંદ કંદ ॥ વાલા. ॥
ગોપીવર ગોકુંલ ચંદ ॥ વાલા. ॥ ૪ ॥
મે તો કીધો કોટી ઉપાય ॥ વાલા. ॥
ઈ તો અણ લેતી સમ ખાય ॥ વાલા. ॥ ૫ ॥
શ્વેતાંબર પેર્યા સાર ॥ વાલા. ॥

તજયાં હેમ હાર શણગાર ॥ વાલા. ॥ ૬ ॥
બીજી મેં દેખાડી કોટીક બીક ॥ વાલા. ॥
શ્યામા તો ય ન માને શીખ ॥ વાલા. ॥ ૭ ॥
મેં તો પ્રાક્રમ કીધા પ્રોઢ ॥ વાલા. ॥
ઈ તો દાઝે થઈ દિગ્મુઢ ॥ વાલા. ॥ ૮ ॥
રીંસે રાતા થયા લોચન ॥ વાલા. ॥
વિકરાલ કીધું વદન ॥ વાલા. ॥ ૯ ॥
નીચું જોઈ ભરે નીસવાસ ॥ વાલા. ॥
એનેં હાણ્ય તમારે હાસ ॥ વાલા. ॥ ૧૦ ॥
એ તો અબલા થૈ છે અચેત ॥ વાલા. ॥
અંતરમાં ઉંડુ હેત ॥ વાલા. ॥ ૧૧ ॥
નિશ્ચે નારી તજશે પ્રાણ ॥ વાલા. ॥
લાગ્યાં મદન મોહનનાં બાણ ॥ વાલા. ॥ ૧૨ ॥
તમને હસ્યાની ટેવ ॥ વાલા. ॥
એને અંતરમાં અહમેવ ॥ વાલા. ॥ ૧૩ ॥
ભખુ ભાનું સુતા બલવંત ॥ વાલા. ॥
એહને ચટકો લાગ્યો ચંત ॥ વાલા. ॥ ૧૪ ॥
વાલાસું ન કીજે વિરોધ ॥ વાલા. ॥
કરગરતાં થાચે ક્રોધ ॥ વાલા. ॥ ૧૫ ॥
એને મેર્ય કરો નંદલાલ ॥ વાલા. ॥
જયમ ખાંતિલી થાય ખુશાલ ॥ વાલા. ॥ ૧૬ ॥
પ્રેમદા છે પ્રેમનું પાત્ર ॥ વાલા. ॥

મુખ જોયા સરખી જાત્ર ॥ વાલા. ॥ ૧૭ ॥
ચાલ્ય કહેતાં સીની લાજ ॥ વાલા. ॥
મનાવો મન મુકી મારાજ ॥ વાલા. ॥ ૧૮ ॥
છેલું વચન કહું છું છેક ॥ વાલા. ॥
તારૂણી નહીં મુકે ટેક ॥ વાલા. ॥ ૧૯ ॥
ચાલી આવ્યા ચતુરવર ત્યાંય ॥ વાલા. ॥
લઘુનાથ સ્વામીનેં લેજો સાંય ॥ વાલા. ॥ ૨૦ ॥

(:: સાખી ::)

સાહેલેવું સુલભ નથી ॥
જયમ કેશરી મુખનો કેશ ॥
નારીયેં ઘણા નર નચાવીયા ॥
નવ ખંડ તણા નરેશ ॥ ૧ ॥
અચરત આ તે શું થયું ॥
વાલા સાથેં વિરોધ ॥
કાંઈક કીજે કરગરી ॥
પ્રતિ બંધ કરે પ્રાણેશ ॥ ૨ ॥

********

પ્રતિબંધ કરે પ્રાણેશ ॥ રંગે જુગલ રૂપે જોડી બની ॥
જેને સેવે શંકર શેષ ॥ રંગે જુગલ રૂપે જોડી બની ॥ ૧ ॥
ભોળી નવ રાખે ભ્રાંત ॥ રંગે. ॥
મુખ જોવાની છે ખાંત્ય ॥ રંગે ॥ ૨ ॥

ગુણવંતિ ઘુંઘટ ખોલ ॥ રંગે ॥
મીઠે મધુરે વચને બોલ ॥ રંગે ॥ ૩ ॥
હાસતાં ન જૈચે હાડ ॥ રંગે ॥
નો ય વાલપણામાં રાડ ॥ રંગે ॥ ૪ ॥
કહો તો ખાંત્યે ખોળો બીછાઉ ॥ રંગે ॥
કહો તો જાચક થઈ જશ ગાઉ ॥ રંગે ॥ ૫ ॥
પ્યારી કે પ્રાણ આધાર ॥ રંગે ॥
ધન્ય ધૂતારા અધિકાર ॥ રંગે ॥ ૬ ॥
શાંને આવ્યા સુંદિર શ્યામ ॥ રંગે ॥
કહો કેઈ સાથે છે કામ ॥ રંગે ॥ ૭ ॥
મંદિર માનેતીનું દુર ॥ રંગે ॥
જાઓ ઝટપટ થાયે અસુર ॥ રંગે ॥ ૮ ॥
અમે અબળા જાત આહીર ॥ રંગે ॥
તમે ગરવા ગુણ ગંભીર ॥ રંગે ॥ ૯ ॥
મોટાસું કશો મેળાપ ॥ રંગે ॥
ફરી સુખ થાચે સંતાપ ॥ રંગે ॥ ૧૦ ॥
તમો રાજકુંવર અમો રાંક ॥ રંગે ॥
પ્રભુ પાણી ન પાવું ટાંક ॥ રંગે ॥ ૧૧ ॥
પ્રભુ ભકત વત્સલ ભગવાન ॥ રંગે ॥
માનનીસું વધારચો માન ॥ રંગે ॥ ૧૨ ॥
પાતળીચે ઉપાઈ પેર્‌ય ॥ રંગે ॥
હવે સાધુ સનેહની સેર્‌ય ॥ રંગે ॥ ૧૩ ॥

નિશ્ચે નરહરિ નમવા જાય ॥ રંગે ॥
હસી હરણાક્ષી કર સાય ॥ રંગે ॥ ૧૪ ॥
હાં હાં હદ થઈ મહારાજ ॥ રંગે ॥
સાચા સનેહ જણાયા આજ ॥ રંગે ॥ ૧૫ ॥
પેઉંએ પુરી અમારી આશ ॥ રંગે ॥
હું તો દીન તમારી દાસ ॥ રંગે ॥ ૧૬ ॥
રાજી કીધાને ભાંગી રાડ્ય ॥ રંગે ॥
આંણું અંતર ન રહી આડ્ય ॥ રંગે ॥ ૧૭ ॥
ઉઠી લીધા આલીંઘન ॥ રંગે ॥
હરખે હસી રહ્યા છે વદન ॥ રંગે ॥ ૧૮ ॥
મીઠા મેવા ભલી ભલી ભેટ ॥ રંગે ॥
પ્રભુ પ્રેમે ભરાંણું પેટ ॥ રંગે ॥ ૧૯ ॥
આપે અરસપરસ ત્યાં બોલ ॥ રંગે ॥
રૃદે રંગ કરાવી ચોલ ॥ રંગે ॥
ધન્ય તે સરતેજ પ્રકાશ ॥ રંગે ॥ ૨૦ ॥
હઠ ગયો હાસ વિલાસ ॥ રંગે ॥
કૃષ્ણ ચતુર્દશી કહેવાય ॥ રંગે ॥ ૨૧ ॥
મોહન મંત્ર ભણે વશ થાય ॥ રંગે ॥
કૃષ્ણ આવ્યા દિવાલી ફોડય ॥ રંગે ॥ ૨૨ ॥
નિત્ય નિરખ્યા સરખી જોડ્ય ॥ રંગે ॥ ૨૩ ॥
જમાડયા રમાડયા જીવન પ્રાણ ॥ રંગે ॥
ચતુર વર ચતુર સુજાણ ॥ રંગે ॥ ૨૪ ॥

બોલ્યા ભ્રખુભાન સુતા નંદલાલ ॥ રંગે ॥
વચને વચને ઉપજે વાલ ॥ રંગે ॥ ૨૫ ॥
દુતિ બે પક્ષમાં સાવધાન ॥ રંગે ॥
ચેરી ચંપકલા પરધાન ॥ રંગે ॥ ૨૬ ॥
પ્યારી પ્રીતમનાં પગ પૂજ ॥ રંગે ॥
શોભે ગામ ગલી વન કુંજ ॥ રંગે ॥ ૨૭ ॥
સ્વામી સકલ ભુવનનાં નાથ ॥ રંગે ॥
ભુતલ ભક્ત હેત અવતાર ॥ રંગે ॥ ૨૮ ॥
ગાય શારદ નારદ શેષ ॥ રંગે ॥
ગુણસિંધુ ઘટે નહીં રેખ ॥ રંગે ॥ ૨૯ ॥
માંને ઉચર્યા પદ ચાર ॥ રંગે ॥
હુવાં એકાદશી સોમવાર ॥ રંગે ॥ ૩૦ ॥
એ છે રસીક રૂસણું નામ ॥ રંગે ॥
સુખ આનંદ પ્રેમ નું ધામ ॥ રંગે ॥ ૩૧ ॥
ગયા રઘુનાથ ગોપી ગોવિદ ॥ રંગે ॥
પોતે પ્રેરક પુરાણાનંદ ॥ રંગે ॥ ૩૨ ॥

## સમાપ્ત




## :: ઉપસહાર ::

આ પુસ્તીકામાં બને ત્યાં સુધી મુળ હસ્તપ્રત ના શબ્દો અને જોડણી એમનાં એમ રાખ્યા છે. જુદી જુદી જગ્યાએ જ્યાં હજુ આમાંના અમુક ગરબાઓ ગવાય છે ત્યાં શબ્દો, કડીઓ, ઢાળ વગેરે અલગ અલગ જોવા મળે છે. આવા સંજોગોમાં મુળ હસ્તપ્રતને પ્રમાણિત ગણી છે. હસ્તપ્રત ઘણી જુની હોઈ અમુક પાનાઓમાં કાણા પડી ગયા છે. હસ્ત પ્રતનાં બધાં ગરબા લીધા નથી પણ જેમને વિશેષ જિજ્ઞાસા હોય તે મુળ હસ્તપ્રત અવલોકી શકે છે.

આ પુસ્તીકામાં પાંચ ગરબા "વલ્લભ" નાં છે. "વલ્લભ" એ નામે ગુજરાતીમાં ચાર પ્રાચીન કવિઓ થઈ ગયાનો ઉલ્લેખ મળે છે. એક તો પ્રેમાનંદ નો મોટો પુત્ર તે વલ્લભ. તેણે ઘણા આખ્યાનો લખ્યા છે, પણ આંહી જે ગરબાઓ છે. એમનાં માતા પિતા વિષે કાંઈ જાણવા મળતુ નથી પણ તેઓ ચાર ભાઈ હતા એવો ઉલ્લેખ મળે છે. વલ્લભ ભટ્ટ અમદાવાદનાં મેવાડા બ્રાહ્મણ હતા અને એમનો જન્મ આશરે સંવત ૧૭૫૬ માં મનાય છે એમના એક ભાઈનું નામ ધોળા ભટ્ટ હતું તે પણ કવિતા કરતા. ક્યાંક ક્યાંક માતાનાં મંદિરોમાં "જે" બોલાય તેમાં વલ્લભ ધોળા કી "જે" પણ બોલાય છે.

પ્રથમ વલ્લભ ભટ્ટ વૈષ્ણવ મતનો હતો પરંતુ પાછળ થી તે દેવી-ઉપાસક થયેલો. આ અંગે એવી દંતકથા છે કે એક વખત તે શ્રી નાથજી ગયેલો ત્યાં મંદિરનાં ખૂણામાં તેનાથી થુંકાઈ ગયું એટલે બીજા લોકોએ એનો તીરસ્કાર કર્યો. ત્યારે વલ્લભ ભટ્ટ બોલ્યા કે "હું કાંઈ જાણી જોઈને થૂંક્યો નથી અને તેમ હોય તો પણ મા-બાપનાં ખોળામાં છોકરા થૂંકે છે કે તેથી તે કાંઈ રીસે ભરાતા નથી."

ત્યારે મંદિર વાળા બોલ્યા કે "મા સહન કરે પણ બાપ સહન ન કરે ને આ તો બાપનું ધામ છે." એ ઉપરથી વલ્લભે વિચાર્યું કે "બાપ કરતા માનું વહાલ વધારે છે માટે આજથી હવે હું માને જ ગાઈશ." આમ તે દેવી-ભક્ત થયો. વલ્લભ ભટ્ટે રચેલો ધનુષધારીનો ગરબો (રચના સંવત ૧૭૯૨) બહું સુંદર છે. ૧૫૭ કડીઓનો આ ગરબો અમારી હસ્તપ્રતમાં છે પણ સ્થળ સંકોચને લઈ અત્રે છાપેલ નથી.

વલ્લભ ભટ્ટ ઘણું ખરૂ બહુચરાજીમાં રહેતા. એમણે બહુચરાજીનો મહિમા સારી પેઠે વધાર્યો છે. એના વખતમાં ગુજરાત અને ગુજરાતીની જે સ્થિતિ હતી તેનું એણે "કળીયુગ ના ગરબા" માં હુબહુ વર્ણન કર્યું છે. કળીયુગનો ગરબો સંવત ૧૭૮૭-૧૭૮૮ માં રચાયેલો.

આ પુસ્તીકામાં અગીયારમો ગરબો "બરદાલી બોચર" એ હરગોવિંદનો લખેલો છે. તે આ વલ્લભ ભટ્ટ નો પુત્ર થાય. એની જન્મતિથિ મળતી નથી પણ મૃત્યુ કાળ સંવત ૧૮૯૭ ગણાય છે. તેણે પણ માતાની સ્તુતિનાં ઘણા પદ કીધા છે.

આ પુસ્તીકામાં ચાર ગરબા "શીવરામ" નાં નામે છે. તે આ સંકલનકર્તાનાં પ્રપિતામહનાં વડીલ બંધુ થાય. તેમના જન્મ કે મરણની કોઇ નોંધ મળી નથી પણ તેઓ મોરબી તાબાનાં ખરેડા ગામે રહેતા અને પાછલી ઉંમરે સન્યસ્ત દિક્ષા લીધેલી એવું જાણવા મળે છે.

"રૂડે ગરબે રમે છે દેવી અંબીકા" (ચોથો ગરબો) એ નરભેરામ નો લખેલો છે. એમનો જન્મ કાળ સંવત ૧૮૨૪ (ઈ.સ. ૧૭૬૮) અને મરણ કાળ સંવત ૧૯૦૮ (ઈ.સ. ૧૮૫૨) મનાય છે. તેઓ પેટલાદ તાલુકાનાં પીજ ગામનાં મોઢ બ્રાહ્મણ હતા. એમના ગુરૂનું નામ છોટાલાલ. એમની પાસેથી તે કવિતા કરતા શીખેલો. એણે ખુબ લખ્યું છે. એ વૈષ્ણવ સંપ્રદાયનો હતો ને રણછોડજી નો ભક્ત હતો. એણે બોડાણા સંબંધી પુષ્કળ લખ્યું છે.

"મહાકાળી નો ગરબો" રણછોડદાસનો છે. "રણછોડ" એ નામે ઓછામાં ઓછા ચાર પ્રાચીન કવિઓ થઈ ગયા. એમાં આ ગરબો કોનો લખેલો હશે તે નક્કી થતું નથી. સકતનો ગરબો પણ (આઠમો ગરબો) પણ રણછોડનાં નામે છે. રણછોડજી દીવાને (સંવત ૧૮૨૫-૧૮૯૮) ચંડીપાઠનાં ગરબા રચેલા (સંવત ૧૮૭૪) એવો ઉલ્લેખ મળે છે અને ઉપરોક્ત બંને ગરબા પણ એના હોવાનો સંભવ છે.

"શીવજી સરે રીયા" એ ગરબો રઘુનાથ નાં નામે છે. રઘુનાથદાસ નામે પ્રાચીન કવિ થઈ ગયા એમનો આ ગરબો હોવા સંભવ છે. તેઓ ગોમતીપુર અમદાવાદનાં લેઉવા કણબી હતાં અને સંવત ૧૮૩૬માં હયાત હતા એવો ઉલ્લેખ મળે છે. તેણે ધ્રુવાખ્યાન, નરસીંહ મહેતાની હુંડી, શીવસ્તુતિ વગેરે પદો લખ્યા છે.

સતભામાનું રૂસણું (જાણ્યું જાણ્યું હેત તમારૂ એ ગરબો) મીરાનો રચેલો છે. મીરાબાઈ ગુજરાતી ભાષાની પહેલી સ્ત્રી કવિયત્રી છે. એના વિશેની દંતકથાઓ સુપ્રસિદ્ધ છે પણ એની જીવનકથા વિષે પુષ્કળ મતભેદ છે. એનો જન્મ આશરે સંવત ૧૪૫૯ અને મરણ આશરે સંવત ૧૫૨૬ (દ્વારકામાં) મનાય છે.

"બ્રહ્માએ ભજન કર્યું" એ ગરબો પ્રીતમદાસનો છે. તેમનો જન્મ ઈ.સ. ૧૭૩૦ (આશરે) અને મૃત્યુ ઈ.સ. ૧૮૦૦ પછી નોંધાયું છે. તે ચરોતરનાં સંદેસર ગામનાં ભાટ હતા. તેમણે આશરે ૧૫૦૦ પદ રચેલા છે.

ઈશ્વર વિવાહનાં રચયિતા દેવીદાસ આશરે સોળમાં સૈકામાં થઈ ગયા. તેઓ પેટલાદ પાસેનાં સોજીત્રા ગામનાં ભાટ હતા. તેમણે "રૂખમણી હરણ" તથા રાસ "પંચધ્યાયી" પણ રચેલ છે.

यस्या स्वरूपं ब्रह्मादयो न जानन्ति ।

तस्मात् उच्यते अज्ञेया ।

यस्या अन्तो न लभ्यते ।

तस्मात् उच्यते अनन्ता ।

यस्या जननं न उपलभ्यते ।

तस्मात् उच्यते "अजा" ।

अेक अेव सर्वत्र वर्तते ।

तस्मात् उच्यते "अेका" ।